
RNI No. GUJGUJ/2011/44815

વર્ષ : 7
માર્ચ - 2018
કિંમત - રૂ.10/-



શ્રી લોહાણા મહાપરિષદનું મુખપત્ર

# શ્રી રઘુકુળ વિશ્વ





# પરોપકાર, પ્રેમ અને સેવા જ ધર્મ છે

વ્હાલા સૌ જ્ઞાતિજનો

**જય જલારામ...  જય રઘુવંશ...  જય મહાપરિષદ...**

કોઈ એક જગ્યાએ વાંચેલુ કે શરીર અને પ્રાણ મળીને જે રીતે પૂર્ણ વ્યક્તિ બને છે, તેવી જ રીતે ધર્મ પણ આંતરિક અને બાહ્ય એમ બે સ્વરૂપોમાં વહેંચાયેલો છે. ધર્મનું બાહ્ય સ્વરૂપ છે પૂજા-અર્ચના, દીપ-આરતી આદિ કર્મકાંડ, પરંતુ તેનું આંતરીક સ્વરૂપ ભાવાત્મક છે જેનું નિર્માણ પરોપકાર, પ્રેમ અને સેવાથી થાય છે. ધર્મ-પ્રશિક્ષણની પરિપૂર્ણતા જીવનને પ્રેમમય તથા સેવામય બનાવવામાં જ આવે છે, આના વગર ધર્મ મૃત છે, નિર્જીવ છે.

મહાત્મા ગાંધીનું કથન છે કે ''ધર્મનો મતલબ સત્ય એટલે કે ઇશ્વરની પ્રાપ્તિ છે. ધર્મ પ્રેમનો પંથ છે. પછી ઘૃણા કેવી, દ્વેષ કેવો, મિથ્યા અભિમાન કેવું ? મનુષ્ય એક બાજુ ઇશ્વરની પૂજા કરે, બીજી બાજુ મનુષ્યનો તિરસ્કાર કરે, આ વાત વ્યાજબી નથી.'' ગાંધીજીના આ કથન સાથે મને એ પણ કહેવાનું મન થાય છે કે મનુષ્ય બીજાને ઉપદેશ જ આપતો રહે એટલું જ પૂરતું નથી. સમય આવે, જરૂરત પડે ત્યારે લોકોની સહાયતા કરવી, તેઓની મુશ્કેલી અને તકલીફો દૂર કરવી એ ઉપદેશ આપવા કરતા વધારે ઉપયોગી છે. આમ, પરોપકારથી વધુ બીજો કોઈ ધર્મ છે જ નહીં, બીજાની સેવાથી વધુ પરમાત્માની સાચી પૂજા બીજી કોઈ હોઈ શકે જ નહિ. બસ આવા જ એક ઉમદા હેતુ અને ભાવ સાથે આપણા પૂર્વ જ્ઞાતિશ્રેષ્ઠીઓએ શ્રી લોહાણા મહાપરિષદની સ્થાપના ૬ દાયકા પહેલા કરેલી અને આજે પણ આપણે તેઓની આ પરંપરા અને નોબલ વિચારોને વિવિધ પ્રકલ્પો દ્વારા અનુસરવાના સતત અને સઘન પ્રયત્નો કરી રહ્યા છે. એ પ્રકલ્પો સેવા અને પરોપકાર તેમજ પ્રેમ અને સહાનુભૂતિ સાથેના શિક્ષણ અને આરોગ્યના હોય, લગ્નવિષયક હોય, મહિલા સશક્તિકરણ કે થેલેસેમિયા જાગૃતિના હોય, પ્રોફેશનલ કે સામાજીક સુરક્ષાના હોય કે પછી પર્યાવરણ જાગૃતિને લગતા હોય, આ દરેકે દરેક પ્રવૃત્તિઓમાં આપણો મુખ્ય હેતુ ઉપરોક્ત ત્રણ ગુણોને જ ઉજાગર કરવાનો હોય છે.

મને વિશેષ આનંદ એ વાતનો છે કે આ બધી જ પ્રવૃત્તિઓમાં દરેક સમિતિના અધ્યક્ષશ્રીઓ, વિભાગીય ઉપપ્રમુખશ્રીઓ તેમજ તમામ ઉચ્ચ હોદ્દેદારો પણ પૂરી લગન અને ભાવ સાથે તેમજ ધગશથી પોતપોતાના ક્ષેત્રની ફરજો અને જવાબદારીઓ નિભાવી વિવિધ પ્રકલ્પોનો લાભ જ્ઞાતિનાં છેલ્લા વ્યક્તિ સુધી પહોંચાડવાના પ્રયત્નો કરી રહ્યા છે. ખાસ કરીને શિક્ષણ, પ્રોફેશનલ અને પર્યાવરણ જાગૃતિ આ ત્રણેય સમિતિ પૂરાય વર્ષ દરમિયાન ખૂબ જ સક્રિય રહે છે તે બદલ તેઓના અધ્યક્ષશ્રીઓને ખૂબ ખૂબ અભિનંદન...

મિત્રો, સેવાની વ્યાખ્યા કરવી મુશ્કેલ છે, પરંતુ જે પ્રવૃત્તિ આપણને 'સ્વ' તરફથી 'સર્વ' તરફ દોરી જાય છે તે સેવાકાર્ય છે. માણસ માત્રમાં એક તરફ સ્વાર્થવૃત્તિ તો બીજી તરફ અન્યને મદદરૂપ થવાની ઇચ્છા હોય છે. દેખીતી રીતે આ વિરોધાભાસી વલણ નથી, પરંતુ આપણામાં રહેલી સારી-નરસી પ્રકૃતિનું પ્રતિબિંબ છે. સેવાનો ગુણ જન્મજાત હોય કે નહીં પરંતુ માણસ ચિંતન, સંકલ્પ અને પુરુષાર્થ દ્વારા સેવામાર્ગે યાત્રા કરી જીવનની સાર્થકતાનો અનુભવ કરી શકે છે. આ માટે આપણી યુવાપેઢીમાં યોગ્ય સમજણ કેળવાય અને આપણા સમાજમાં સેવાનું મહત્ત્વ સ્વીકારી તેઓ સેવાકાર્યમાં જોડાય તે માટે સાચી દિશા તરફ આપણે ઉદાહરણ બનીને આંગળી ચીંધીએ તે આપણા સૌનું કર્તવ્ય છે. જો આમ થાય તો તંત્રીલેખમાં શ્રી ચન્દ્રકાન્તભાઈ તન્નાએ લખ્યું છે તે સૌ માનવમુલ્યોને આપણે બચાવી શકીશું. એ ખરેખર સાચી વાત છે કે ''Charity begins at home''. દુનિયાભરમાં ફેલાયેલા દુષણોથી બચવા શરૂઆત આપણા ઘરથી - પરિવારથી જ કરવી પડે. તો ચાલો નવી પેઢીમાં પરોપકાર, સંપ, સુહ્રદયતા અને બીજાને મદદરૂપ થવાની ભાવનાના બીજ રોપીએ અને રઘુવંશી સમાજને એકતા, પ્રેમ અને સેવાની ફોરમથી મહેકાવીએ !!

**પ્રવિણ કોટક**
**પ્રમુખ, શ્રી લોહાણા મહાપરિષદ**

વર્ષ : 7
માર્ચ - 2018
અંક : 74
માલિક
શ્રી લોહાણા મહાપરિષદ

પ્રકાશક : પ્રવિણ કોટક
તંત્રી : પ્રોફે. ચંદ્રકાન્ત જે. ઠક્કર
વ્યવસ્થાપક : હિમાંશુ ઠક્કર (મંત્રી)

વિભાગીય સંકલક :
ગુજરાત : શંકર કતીરા (ડીસા)
સૌરાષ્ટ્ર : અશોક હિંડોચા (રાજકોટ)
કચ્છ : રાજેશ પલણ (નખત્રાણા)
વિદર્ભ સહ મધ્ય ભારત : જયપ્રકાશ વસાણી (નાગપુર)
મુંબઈ સહ મહારાષ્ટ્ર : મુકેશ કોટક (મુંબઈ)
ઉત્તર - પૂર્વ ભારત : મુકેશ ઠક્કર (કટક)
માર્ગદર્શક :
યોગેશભાઈ લાખાણી
વીરૂભાઈ મીરાણી (મુંબઈ)
કનુભાઈ આચાર્ય (ડીસા)
ગીરીશભાઈ ઠ્રેસવાલા (મુંબઈ)
રમેશચંદ્ર આર. ઠક્કર (ગાંધીનગર)

રજી. કાર્યાલય
બેઝમેન્ટ, ઇસ્કોન મેગા મોલ,
ઇસ્કોન મંદિરની પાસે, એસ. જી. હાઈવે,
સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન : (૦૭૯) ૪૦૦૬૧૦૦૫
વેબસાઈટ : www.lohanamahaparishad.org
લવાજમ
આજીવન લવાજમ (ભારત) : રૂ. ૨૦૦૦/-
આજીવન લવાજમ (ભારતની બહાર) : રૂ. ૮૦૦૦/-
છૂટક પ્રત કિંમત : રૂ. ૧૦/-

સળંગ વર્ષ : 20 સળંગ અંક : 233

ઈમેઈલ :
raghukulvishwa@gmail.com
(રઘુકુળ વિશ્વમાં સમાચારો પ્રસિદ્ધ કરવા માટે)
lmppressrelease@gmail.com
(અન્ય મુખપત્રોમાં પ્રસિદ્ધ થયેલા સમાચારો માતૃસંસ્થાને મોકલવા માટે)
shreeimpawards@gmail.com
(માતૃસંસ્થા સ્થાપિત આંતરરાષ્ટ્રીય એવોર્ડ્સ માટે નોમિનેશન મોકલવા માટે)
jaymahaparishad@gmail.com
(અન્ય કોઈપણ પ્રકારના પત્રવ્યવહાર માટે)

'શ્રી રઘુકુળ વિશ્વ'માં છપાતી વાંચન સામગ્રી જે તે લેખકના પોતાના અભિપ્રાય - વિચારો આધારિત છે. જે બાબતે 'શ્રી રઘુકુળ વિશ્વ' કે શ્રી લોહાણા મહાપરિષદ કોઈ રીતે જવાબદાર રહેશે નહીં તેની સુજ્ઞ વાચકોએ નોંધ લેવી.

## અનુક્રમણિકા

માતૃસંસ્થાની અટારીએથી ............ ૨
તંત્રી સ્થાનેથી ............ ૪
અસ્મિતા અમર રઘુવંશ............ ૬
સંતોષમાં જ સાચુ સુખ ............ ૧૦
મહિલા વિભાગ ............ ૧૪
સ્થાયી સમિતિઓના અહેવાલ ............ ૧૫
સંસ્થા સમાચાર ............ ૧૯
શ્રી ખીમજી ભગવાન આર.સી.ટી. ભાગવત અતિથિ ભવન............ ૨૩
સૌજન્ય જાહેરાત, શ્રી દિપકભાઈ ઠક્કર – અમદાવાદ ............ ૨૪

## કરબધ્ધ અપીલ



માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના મધ્યસ્થ કાર્યાલયથી આરોગ્ય સહાય, શિક્ષણ સહાય તેમજ ભાગવત વિદ્યાપીઠ અમદાવાદ ખાતે અતિથિ ભવનના નવીનીકરણનું કામ પ્રગતિના પંથે છે ત્યારે સમાજના દાતાશ્રેષ્ઠીઓ દ્વારા અનુદાનનો સંકલ્પ જાહેર કરી વર્તમાન ટીમને સતત પ્રોત્સાહિત કરવામાં આવે છે જે આનંદ અને ગૌરવની બાબત છે. આ સેવાઓ સતત ચાલુ રહે તે માટે આવા જાહેર કરેલા અનુદાન સમયસર માતૃસંસ્થાને પહોંચે તે એટલું જ અનિવાર્ય છે. વર્તમાન નાણાંકીય વર્ષ પૂર્ણ થવામાં જૂજ દિવસો બાકી હોઈ આપના દ્વારા શુભ આશયથી સંકલ્પિત ભાગવત વિદ્યાપીઠ, આરોગ્ય, શિક્ષણ, શુભેચ્છા ભેટ કે સિધ્ધપુર મુકામે યોજાયેલા માતૃતર્પણ અને માતૃવંદના મહોત્સવમાં યથોચિત્ રીતે જાહેર કરાયેલ ધનરાશિ જો જમા કરાવવાની બાકી હોય તો સત્વરે આ અંગે ઘટતું કરી અમોને આભારી કરશો, આપના સતત સાથ સહકારની અપેક્ષા સહ...

હિંમતભાઈ કે. કોટક
નીતીન જી. પાંધી
ખજાનચીઓ

હિમાંશુ બી. ઠક્કર
પિયુષ જી. ગંઠા
મંત્રીઓ



# સમાજ જીવન અને માનવમૂલ્યો

રઘુવંશી કુળમાં જન્મેલા ચિંતક અને ઉચ્ચ કોટિના કવિશ્રી કરસનદાસ માણેકે તેમની એક કવિતામાં લખેલું :

"મને એ જ સમજાતું નથી કે શાને આવું થાય છે,

ફૂલળા ડૂબી જતા ને પથ્થરો તરી જાય છે."

સાંપ્રત પરિસ્થિતિમાં આ પંક્તિઓ એકદમ પ્રસ્તુત હોય તેવું લાગી રહ્યું છે. સમાજમાં વિશ્વકક્ષાએ ચારેકોર જાણે કે ઉપભોગવાદ ખૂબ વકર્યો હોય તેવું અનુભવાય છે. માનવમૂલ્યો બદલાયા છે. સદાચાર, સાદગી, સંતોષ, નીતિમત્તાના મૂલ્યોમાં આમૂલ પરિવર્તન જોઈ શકાય છે. દેખાદેખી, અસંતોષ, હરીફાઈ, ગમે તે ભોગે પૈસા કમાવવાની વૃત્તિ, અન્યને નીચા દેખાડી પોતે સારા કહેવડાવવાની વૃત્તિ અને ભૌતિકવાદમાં રચ્યોપચ્યો રહેતો માનવ જીવનમૂલ્યો વીસરી ગયો છે. રાજકારણ, ધર્મ, શિક્ષણ, અર્થકારણ કે સ્વાસ્થ્યક્ષેત્ર, સમાજનાં તમામ ક્ષેત્રોમાં ભ્રષ્ટાચારે માઝા મૂકી છે.

ટેક્નોલોજીના ક્ષેત્રમાં ઝડપથી થયેલી વૈજ્ઞાનિક પ્રગતિ અને નિતનવી શોધોને લીધે સાધન-સગવડોમાં અપાર વૃદ્ધિ થઈ છે, જેને નકારી શકાય તેમ પણ નથી. કેમ કે એને કારણે કાર્યક્ષેત્ર વિસ્તાર પામ્યું છે અને માણસની કાર્યક્ષમતામાં પણ વધારો થયો છે, પરંતુ આજે સાધનોના અંબારમાં અને સગવડોની વિપૂલતામાં જો આપણે કંઈક ખોયું હોય તો તે છે ભાવના, સંવેદના અને સંવેદનશીલતાના તારથી વણેલા, બનાવેલા માનવીય સંબંધો. આજે એક બાજુ ભૌગોલિક અંતર ઓછું થયું છે તો બીજી બાજુ ભાવનાત્મક અંતર, બે હૃદય વચ્ચેનું અંતર વધ્યું છે. અપાર સંપત્તિના માલિક બની ગયા છતાંય આપણી પાસે અંગત સંબંધો નિભાવવા માટે સમય નથી. અરે, ઘણાને તો પોતાના પરિવાર અને સંતાનો સાથે બે-ચાર પળ વિતાવવાનો પણ સમય નથી. માણસ આજે યંત્રવત્ જીવન જીવી રહ્યો છે.

દેશમાં અને દુનિયામાં ઘટી રહેલી ઘટનાઓ દિશા નિર્દેશ કરી રહી છે કે આજે ચોમેર ભ્રષ્ટાચાર, આતંકવાદ, કોમી રમખાણો અને કોઈપણ ભોગે સત્તા મેળવી - વિસ્તારનું દંગલ ચાલી રહ્યું છે ત્યાં અસલનો સાચો, સારો, સદગુણી, સત્યનિષ્ઠ, નિષ્ઠાપ્રિય સાત્વિક માણસ ક્યાંય ખોવાઈ રહ્યાનું વરતાય છે. કોઈના સુખે સુખી અને દુ:ખે દુ:ખી થવાનું આપણે ભૂલી ગયા છીએ. સુખદુ:ખમાં સાથ દેવાને બદલે કોઈનું સુખ જોઈ આપણને ઈર્ષ્યા આવે છે અને દુ:ખ જોઈને આનંદ આવે છે. આજે અશ્લીલતા અને યૌન અપરાધ વધ્યાં છે. પરિવારો તૂટતા જાય છે. કુટુંબમાં વડીલ કે વૃદ્ધજનની સાર સંભાળ અને સેવાની ભાવના મૃતપ્રાય થતી જાય છે. પહેલાના જમાનામાં એક કમાનાર દસ ખાનાર હતા. થોડી કમાણીમાં સંતોષ હતો. સંયુક્ત કુટુંબમાં દાદા-દાદી, કાકા-કાકી, ફોઈથી ઘર ભર્યું ભર્યું રહેતું. વિધુર બહેન કે ભાઈ કુટુંબમાં સચવાઈ જતાં. બાળકોનો ઉછેર સુપેરે વડીલોના નેજા હેઠળ થતો. બાળકોને દાદા-દાદીના લાડ-પ્યાર, ધર્મના સંસ્કાર મળતા. સ્નેહના સિંચન વડે બાળકો મોટા થતા. મારું નહીં પણ આપણું, વહેંચીને ખાવાની ભાવના બાળકોને નાનપણથી જ મળતી.





વડીલોની છત્રછાયામાં કુટુંબભાવના રહેતી. ધીરે ધીરે માનસિકતા સંકુચિત થતી ગઈ. કુટુંબના એકમ નાના થતા ગયા. સ્વાર્થવૃત્તિ આવી. મારા મતની ભાવના વધી. કુટુંબનો પાયો જ ખોખલો બનતો ગયો.

ન્યુક્લિયર કુટુંબ અસ્તિત્વમાં આવવાથી બાળકો આયા કે બાઈ હેઠળ રહેવા લાગ્યાં. પાયાના સંસ્કારોથી બાળકો વંચિત રહ્યાં. પુસ્તકિયું જ્ઞાન વધતા શિક્ષણને નામે માહિતીના ઢગલા હેઠળ બાળકનો નૈતિક વિકાસ રૂંધાયો. ભણતર વધ્યું પણ ગણતર ના મળ્યું. શિક્ષણ બધા લે છે પણ કેળવણીની ઉણપ વર્તાય છે. અમેરિકા જેવા દેશમાં વધી ગયેલું ‘ગન કલ્ચર’ ત્યાંની પ્રજા માટે ચિંતાજનક છે. તાજેતરમાં જ એક યુવાને પોતાની જ સ્કૂલમાં આડેધડ વીસ જણ ઉપર ગન ચલાવીને તેરને મારી નાખ્યા ને સાતને ગંભીર ઈજાઓ કરી જે નવી પેઢીની દિશા અને દશાનો ચિતાર રજુ કરે છે.

માનવી ગેઝેટ્સથી ઘેરાયેલો છે. લેપટોપ, કમ્પ્યુટર, સ્માર્ટફોન, વોટ્સએપ, ફેસબુક, ટ્વીટર, ઈન્સ્ટાગ્રામની વેબજાળમાં ફસાયેલો છે. આબાલવૃદ્ધ સહુને તેનું ઘેલું લાગ્યું છે. બજારમાં રોજ નવા નવા એપ્સ આવે છે. મોબાઈલ જાણે કે જરૂરિયાતની વસ્તુ બની ગયો છે. કેટલાય દુષણો આનાથી ઘુસી ગયા છે. અનેક મનોદૈહિક રોગોનો ભોગ બની અને તેના વિપરીત પરિણામો માનવ ભોગવી રહ્યો છે.

ધર્મ સંપ્રદાયનો રાફડો ફાટ્યો છે : કહેવાતા સાધુસંતો ધધુપપુ ૧૦૮ શ્રી શ્રીની આડશમાં તેની પાપા ચારલીલા પાખંડી વૃત્તિનો પરદાફાશ થતો રહે છે. પરિણામે ગુરુ શિષ્યના સંબંધની પવિત્રતા પર શંકાઓ સેવાવા લાગી છે. સાચુ શિક્ષણ અને નીતિનો લોપ થતો લાગી રહ્યો છે. સાચા સંત તો શાંતિ પમાડે, જીવનરાહ દેખાડે પરંતુ માનવ મૂલ્યો જ બદલાઈ રહ્યા છે.

યથા રાજા તથા પ્રજા : પદ - પ્રતિષ્ઠા અને પૈસાની લાલચમાં સત્તાધારી-ગાદી ધારી તેમજ તેઓની રહેમનજર હેઠળ કેટલાંયે લોકો કૌભાંડ કરતા રહે છે અને પછી દેશ છોડીને એશ કરે છે. ભ્રષ્ટાચાર, કાવાદાવા, સગાવાદનું દૂષણ દેશમાં ઊધઈની માફક ફેલાયેલું છે. ચૂંટણી વખતે આપેલા વચનનું પાલન થતું નથી. પટાવાળાથી માંડી પ્રતિષ્ઠિત ખૂરશી પર બેઠેલા માણસ કટકી ખાધા વગર કામ કરતો નથી. જો કે આવી પરિસ્થિતિમાં ય સત્ય, નિષ્ઠા નીતિમત્તાના ધોરણો જાળવનાર થોડા લોકો પર આ પૃથ્વી ટકી રહી છે.

એક તરફ સુરજ ડૂબે છે તો બીજી ક્ષિતિજે ચન્દ્રની ચાંદની રેલાય છે તે આશાનું ‘કિરણ’ છે. સમાજમાં દુર્જનોની સંખ્યા અગણિત છે તો સામે સજ્જનો પણ પોતાની ઓળખ આપતા રહ્યા છે. થોડા પણ મક્કમ ગતિથી કાર્યરત સજ્જનો સમાજને નવી રાહ ચિંધતા રહ્યા છે, જે આશાનું ચિન્હ છે. અમિતાભ બચ્ચને નવી શ્રેણી “આજ કી રાત હૈ જિંદગી” વડે સમાજના સાવ નાના ને સામાન્ય માણસો કેવાં સુંદર પરોપકારનાં કાર્યો કરી રહ્યા છે તેનો પ્રેરક ચિતાર રજૂ કર્યો છે. ચાલો આપણે પણ આપણી આસપાસના જગતમાં, આપણા રઘુવંશી સમાજમાં છેક છેવાડાના વિસ્તારમાં જ્યાં જ્યાં આવી મૂલ્યવર્ધક, જ્ઞાતિહિતની પ્રવૃત્તિઓ થતી હોય તો તેને બિરદાવીએ અને પ્રોત્સાહિત કરીએ જે આવનારી નવી પેઢીને પ્રેરણા આપી રાહ ચીંધશે.

એ વાત પણ એટલી જ સાચી છે કે મૂલ્યોનું આરોહણ થઈ શકતું નથી. એ તો પારિવારિક પરિવેશમાંથી સહજ રીતે પ્રાપ્ત થતા હોય છે. Values are caught, not taught.. ઘર એ જ મૂલ્ય શિક્ષણનું ધરુવાડિયું છે. મૂલ્યોનું આજે સરે આમ પતન થયું છે, ત્યારે યોગ્ય પારિવારિક વાતાવરણ વડે જ એનું જતન થઈ શકે તેવું નથી લાગતું ?!?!

- પ્રોફે. ચંદ્રકાન્ત જે. તન્ના



# અસ્મિતા સભર - રઘુવંશ

જે રઘુવંશમાં પ્રભુ રામચંદ્ર જન્મ્યા તે રઘુવંશ કેટલો ભવ્ય હશે તે જાણવાની પ્રત્યેકને ઉત્કંઠા થાય તે સ્વાભાવિક છે. તે માટે  રઘુવંશીઓની ગૌરવગાથા ''રઘુવંશ મહાકાવ્યમ્''નો પરિચય કરવો જોઈએ. કવિ કુલગુરુ કાલિદાસે એ શુભગાથાનું ગાન કરતું 'રઘુવંશ' રચ્યું છે.

રઘુવંશની શરૂઆતમાં જ મહાકવિએ રઘુકુળની જીવન પ્રણાલીની સરગમ છોડી છે.

રઘુવંશીઓ આ જન્મ એટલે કે જન્મથી જ શુધ્ધ હતા. શુધ્ધ કર્મને લીધે જન્મની શુધ્ધતા પ્રાપ્ત થાય. રઘુકુળમાં જન્મેલા રઘુવંશીઓ શુચિકર્મ કરીને વૈભવ અને વૃત્તિ બન્ને ટકાવી રાખતા હતા. રઘુવંશી રાજાઓ જન્મ્યા ત્યારથી જ શુધ્ધ હતા. તેમનું સમગ્ર જીવન શુધ્ધ હતું. જન્મથી જીવન શુધ્ધ એટલે શું ? તેમના જન્મનું કારણ શુધ્ધ હતું. જન્મનું એક કારણ મા-બાપ છે. રઘુવંશીઓના મા-બાપ શુધ્ધ હતા. મા પાસેથી ભાવ અને પિતા પાસેથી વિવેક મળે. તે જે આપે તેને મા-બાપ કહેવાય.



રામ નામ મેં લીન હૈ, દેખત સબમેં રામ,
તાકે પદ વંદન કરૂં, જય જય શ્રી જલારામ...

માતા-પિતા સારા મળવા એ મહાભાગ્યની વાત છે. રાવણને જીતીને રામ અને સીતા હનુમાન સાથે અંજના માતા પાસે આવે છે. અંજના માતા રામ અને સીતાની અંતઃકરણપૂર્વક પૂજા કરે છે. રામ અને સીતાના મોઢેથી પોતાના પુત્ર હનુમાનના પરાક્રમનું વર્ણન સાંભળી અંજનામાતાને ખૂબ જ આનંદ થાય છે. પ્રભુ રામચંદ્ર જેવા પાસેથી પોતાના પુત્રનું વર્ણન સાંભળવું એનાથી બીજું કયું મોટું ભાગ્ય આ પૃથ્વીતલ ઉપર હોઈ શકે ? જેટલા મોટા મા-બાપ તેટલા મોટા છોકરા થાય.

વંશ અશુધ્ધ હોય તો છોકરામાં કંજૂસપણું આવે. કર્મ સારા ન હોય તો દરિદ્રતા આવે. આત્મશક્તિ ઉપર અને ઈશશક્તિ ઉપર જેનો વિશ્વાસ ન હોય તે લોકો કંજૂસ થાય. આ દોષ વંશમાં આવે છે.

**મા-બાપ એ જન્મનું સ્થૂળ કારણ કહેવાય. જન્મનું બીજું કારણ કર્મ છે.** જગતમાં આવીને સારાં શુદ્ધ કર્મો કરવાં જોઈએ. હમણાંનો જન્મ એ પૂર્વજન્મનું ફળ છે. તેથી કર્મ શુધ્ધ હોવાં જોઈએ. સત્કર્મને લીધે માનવી દેહ મળે છે. સુખ અને વૈભવ પૂર્વ જન્મના કર્મથી પ્રાપ્ત થાય છે.

**જન્મનું ત્રીજું કારણ છે પ્રભુ.** એટલે કે જાગતિક જરૂરિયાત 'Law of Universal Necessity.' પ્રભુની જરૂરિયાતને લીધે મહાપુરુષો - દા.ત. જ્ઞાનેશ્વર, શ્રીમદ્ આદ્યશંકરાચાર્ય જેવાઓનો જન્મ થાય. સામાન્ય માણસ કર્મથી જન્મે અને મહાપુરુષો પ્રભુની આવશ્યકતા માટે પ્રભુ મોકલે તેથી જન્મ લે.

રઘુવંશી રાજાઓનાં કર્મો શુદ્ધ હતા તેથી જન્મ પણ શુધ્ધ હતા.

રઘુવંશી રાજાઓ ફળ મળે ત્યાં સુધી કર્મ કરતા હતા. જે નિયત કર્મ તરીકે પ્રાપ્ત થયેલા હોય તે ફળ મળે ત્યાં સુધી કરવા જોઈએ. જગતમાં પ્રયત્ન વગર કશું મળતું નથી.

ભારતીય સંસ્કૃતિ એટલે પ્રયત્નની પરાકાષ્ઠા. તેમાં કર્મશૂન્યતાને સ્થાન જ નથી.

રઘુકુળની સાત સાત પેઢીએ પ્રયત્નવાદ માન્ય કરીને રામ રાજ્ય ઊભું કર્યું હતું, જ્યાં સુધી ફળનો ઉદય ન થાય ત્યાં સુધી કાર્યરત રહેનારા, એટલે જ અવિરત પ્રયત્નશીલ રઘુવંશી રાજાઓ હતા.

ભૌતિક વાતો માટે કરેલી મહેનતને યત્ન કહેવાય અને અલૌકિક વાતો મેળવવા માટે કરેલી મહેનતને પ્રયત્ન કહેવાય. પ્રયત્ન વગર મને વિત્ત, વિદ્યા, સત્તા, કીર્તિ, ભક્તિ કે ભુક્તિ કશું જ ન જોઈએ એવી વૃત્તિ નિર્માણ થવી જોઈએ. વગર પ્રયત્ને મેળવવું તે સંસ્કૃતિ નથી. કેમ કે જીવનમાં અમુક વસ્તુ મેળવવા માટે માણસનો યોગ્ય વિકાસ થવો જ જોઈએ. તેથી જ સાધનાને બહુ મોટી કિંમત છે. એટલું જ નહિ, સાધનાની સિધ્ધિની કિંમત વધે છે. પ્રયત્ન વિના પ્રત્યક્ષ ભગવાન પ્રાપ્ત થાય તો પણ તે સ્વીકારવાની તૈયારી ભારતીયોની નથી. સત્કર્મો કરતાં કરતાં મન, બુધ્ધિ, ચિત્ત બધું શુધ્ધ કરવાનું, જીવન ઉન્નત કરવાનું આને જ સાધના કહેવાય. પ્રયત્નથી મળેલા ફળને એક જુદો સ્વાદ છે.

વિચારપૂર્વક, સમજીને, બુધ્ધિ, અનુભવ, શબ્દ પ્રામાણ્ય માન્ય કરીને, રઘુવંશી રાજાઓ કામની શરૂઆત કરતાં અને ફળ મળે ત્યાં સુધી છોડતા નહિ. ફળ મળતાં સુધી કામ કરવું આ ખરી સંસ્કૃતિ છે. કોઈપણ કામ કરીએ એટલે વિઘ્નો તો આવવાના જ. વિઘ્નોથી ડરવાનું કોઈ કારણ નહિ. વિઘ્નોનું સ્વાગત કરવું જોઈએ. ધ્યેય માર્ગમાં, સાધના માર્ગમાં, આવનાર વિઘ્નો મક્કમતા વધારવા માટે હોય છે. આ સમજીને વ્યવહારિક જીવનમાં જ નહિ, પરંતુ આધ્યાત્મિક જીવનમાં પણ ફળ ન મળે ત્યાં સુધી દૃઢ નિશ્ચય અને દુર્દમ્ય શ્રધ્ધાથી રઘુવંશી રાજાઓ કર્મ કરતા હતા, અવિરત પ્રયત્નશીલ રહેતા હતા.

કોઈ પણ કામ કરતી વખતે માણસ પાસે દૃઢ મન હોવું જોઈએ. અર્જુન પાશુપતાસ્ત્ર મેળવવા માટે ઈંદ્રકીલ પર્વત ઉપર તપ કરવા ગયો છે. શિવજી તેના તપના પ્રભાવથી પ્રસન્ન થયા. પરંતુ પરીક્ષા લીધા સિવાય અર્જુનને પાશુપતાસ્ત્ર કેમ અપાય? શિવજી કિરાતનું રૂપ લઈને અર્જુનની સામે આવે છે. બન્ને વચ્ચે ઘોર યુધ્ધ થાય છે. પરંતુ અર્જુન પોતાના નિશ્ચયમાં સ્થિર હતો. છેવટે પ્રત્યક્ષ શિવજી સાથે અર્જુને બાથ ભીડી. તેનું ધૈર્ય જોઈને શિવજી પ્રસન્ન થયા અને તેને પાશુપતાસ્ત્ર આપ્યું.

પાર્વતીને શિવજી સાથે પરણવું હતું તે માટે પાર્વતીએ ઘોર તપશ્ચર્યા કરી. પાર્વતીને નિશ્ચયમાંથી ખસેડવા તથા પરીક્ષા કરવા શિવજી પોતે જ બટુકનું રૂપ ધારણ કરી પાર્વતી પાસે આવ્યા. પાર્વતીને પૂછ્યું, ''તારા જેવી સુકોમળ રાજકન્યા આવું ઘોર તપ કરીને શું મેળવવા ઈચ્છે છે?'' પાર્વતીએ કહ્યું, 'મારે શિવજી સાથે પરણવું છે.'

શિવજી કહે : 'અરે, તારે શિવજી સાથે પરણવું છે? તેનું રૂપ કેવું છે તે તને ખબર છે? તેને ત્રણ આંખ છે. રાત્રે અંધારામાં જોઈશ તો પણ ગભરાઈ જઈશ. તેનું નિવાસસ્થાન સ્મશાનમાં છે. તે લંગોટી પહેરીને રહે છે તેનાં માબાપનું ઠેકાણું નથી.'

પોતાના સાધ્યની નિંદા સાંભળીને પાર્વતી અત્યંત ગુસ્સે થઈને તે બટુકને કહે છે : 'મારે તારું કંઈ સાંભળવું નથી; તું અહીંથી જતો રહે.' છેવટે પાર્વતીના દૃઢ નિશ્ચયથી શિવજી પ્રસન્ન થાય છે.દૃઢ નિશ્ચયી માણસો જ ધ્યેય સિધ્ધિ મેળવી શકે છે. ભગવાન પણ ભક્તનું મક્કમપણું જુએ છે. યોગદર્શનકાર પણ કહે છે કે જે કામ હાથમાં લો તે દીર્ઘકાળ સુધી, સત્કારપૂર્વક અને દૃઢનિશ્ચયથી કરો.

દેવોને અમૃત જોઈતું હતું તે માટે તેમણે પ્રયત્નો શરૂ કર્યા અને કેટલા વિઘ્નો આવ્યા? પરંતુ તેમણે હાથમાં લીધેલું કામ છોડ્યું નહિ. અમૃત મેળવીને જ જંપ્યા.

હાથમાં લીધેલું કાર્ય ફળ મળે ત્યાં સુધી છેવટ સુધી લઈ જવું જોઈએ, જે રઘુવંશી રાજાઓએ માન્ય કર્યું હતું. એને માટે જરૂરી દૃઢ નિશ્ચય, વિઘ્નોની સામે ટકવાની હિંમત રઘુવંશી રાજાઓમાં હતી.

રઘુકુળના એક પણ રાજાને રાજ્યની લાલસા થઈ ન હતી. એક પણ રાજા કીર્તિ, સત્તા, વિત્ત અને વાસનાનો ગુલામ થયો નહિ. રામને વનવાસ મળ્યો. તે વખતે પૌરજનો અને વશિષ્ઠ, સમાજનું હિત ધ્યાનમાં લઈને રામ રાજા બને અને રાજ્ય કારભાર સંભાળે એમ ઈચ્છતા હતા, પરંતુ રામને રાજ્યની લાલસા ન હતી. રામે વનવાસ જ સ્વીકાર્યો.

રઘુવંશી રાજાઓનો આશાવાદ અમર હતો. તેમના જીવનને ચિંતા અને ઉદ્વિગ્નતાનો સ્પર્શ ન હતો. તેથી તે વૃધ્ધાવસ્થામાં પણ તરુણ રહેતા. તેથી તેમનો દેવો સાથે સતત સંપર્ક રહેતો. એટલું જ નહિ, દેવો પણ રઘુવંશી રાજાઓની મદદ લેતા.

રઘુવંશી રાજાઓના જીવનમાં ચારિત્ર્ય,ભક્તિ, ભાવજીવનની પ્રભા સતત વહેતી હતી. તેથી ઈહલોકમાં પણ સ્વર્ગ ઊભું કરવાની તેમનામાં શક્તિ હતી. નરક એટલે કુત્સિતઃ નરઃ એટલે નરકઃ – આવા કુત્સિત નરોને બદલાવવાની દુર્દમ્ય મહાત્વાકાંક્ષા રાખી તેઓ સતત તે માટે પ્રયત્નશીલ રહેતા. દેવોને આવા રાજાઓનું આકર્ષણ રહે એ સ્વાભાવિક છે.

અગ્નિમાં આત્મજાગૃતિ લાવવાની શક્તિ છે. અગ્નિ જેમ બાળે તેમ રાંધે પણ ખરો. તે તેજસ્વી છે તેમ ઉપકારક છે. આ ગુણો જીવનમાં લાવવા માટે અગ્નિમાં હવન જરૂરી છે. ભગવાનનાં બે મોઢાં છે. એક અગ્નિ અને બીજો બ્રાહ્મણ. ખાવા માટેનું મોઢું એટલે યજ્ઞ અને બોલવા માટેનું મોઢું એટલે બ્રાહ્મણ. રઘુવંશી રાજાઓનું જમવું પણ યજ્ઞ હતો. એનું કારણ જઠરાગ્નિમાંથી પેદા થયેલું લોહીનું ટીપે ટીપું સંસ્કૃતિના કામે, પ્રભુ કાર્યમાં વપરાતું હતું. તેવી જ રીતે મેળવેલું ધન બ્રાહ્મણ પૂજન (બ્રાહ્મણના રક્ષણ માટે) વપરાતું. સમાજની અસ્મિતાનો આધાર બ્રાહ્મણ વર્ગ ઉપર છે. બ્રાહ્મણ અધઃપતિત થાય તો સમાજ લાચાર, દીન થાય. મહાભારત કાળનું દારુણ અધઃપતન અધઃપતિત બ્રાહ્મણને લીધે જ થયું હતું. ક્ષત્રિય રાજાઓ - રઘુવંશી રાજાઓ બ્રાહ્મણની ઓજસ્વિતા વધે તેવા રક્ષક બન્યા હતા.

યોગ્ય કાળે જાગવું એ રઘુવંશી રાજાઓની જીવનધારણા હતી. વ્યવહારમાં માણસ સમયસર જાગતો નથી. આવાને ભગવાન જગાડે છે. યમનો દૂત

ન જાગનારા માણસના કાન પાસે જઈને બૂમ પાડીને કહે છે : 'સાંભળો, આ જગતમાં આવીને અંતિમ કલ્યાણ સાધવું હોય તો પ્રભુની સેવા કરો. તમારી સાથે શું આવશે ? ભગવાનને માટે અને ભગવાનના ભરોસે કરેલાં કામો જ માત્ર તમારી સાથે આવશે. કીર્તિ, વૈભવ અને સ્વાર્થ માટે કરેલાં કામો જગતમાં જ ઉપયોગી થાય છે.

રઘુવંશી રાજાઓ સમય ઓળખીને અને ભગવાનના ભરોસે, ભગવાનને ગમતા કામો કરતા. સારો વ્યવસ્થાપક તે જ ગણાય કે જે કાળની ઘડીઓ ગણી પોતાનું કામ કરી લે. શ્રીમદ્ આદ્યશંકરાચાર્ય, સ્વામી વિવેકાનંદ આદિ મહાપુરુષો થોડું જીવ્યા પણ દિવસની ક્ષણે ક્ષણનો યથોચિત ઉપયોગ કરી પોતે કરેલા વિરાટ કાર્યની પ્રતિભા સૌને આપી ગયા. સંસારમાં આવ્યા પછી "હું કોણ ? હું કોનો છું ?" શા માટે આવ્યો છું અને ક્યાં જવાનો છું ?" આ સમજી લેવું જોઈએ. તેના માટે યોગ્યકાળે તૈયારી કરી હોય તો જ પુણ્યનું ભાથું બંધાય. "ઘડપણમાં ગોવિંદ ગાઈશું" આ ન ચાલે. ભક્તિમાંની દિવ્યતા જતી હોય, જીવનમાંથી અસ્મિતા અલોપ થતી હોય, સંસ્કૃતિ માતા રડતી હોય ત્યારે પ્રમાદમાં સૂતા રહેવું એના જેવું ભયંકર પાતક બીજું કયું હોઈ શકે ? રામ અને કૃષ્ણના સમય પછી ક્ષત્રિયોએ જાગૃત થવાની આજે જરૂર છે તેટલી જરૂર અગાઉ કદાચ ક્યારેય ન હતી.

રઘુવંશના રાજાઓ ત્યાગ માટે અને દાન માટે અર્થસંગ્રહ કરતા હતા. તપસ્વી સંસારી રઘુવંશીઓનું વર્ણન કરતી વખતે કવિ કાલિદાસ કહે છે કે રઘુવંશીઓ પૈસા કમાતા હતા પણ ત્યાગાર્થે. સાત્વિક લોકોએ પૈસા કમાવા જ જોઈએ કેમ કે સંપત્તિ એ શક્તિ છે. જો સાત્વિક માણસો પાસે સંપત્તિ જાય તો તે મહાલક્ષ્મી થાય અને આસુરી વૃત્તિવાળા પાસે જાય તો લક્ષ્મી અલક્ષ્મી થઈ જાય. ત્યાગ એટલે ફેંકવું નહિ. અપેક્ષારહિત આપવું એનું નામ ત્યાગ છે - તેમાં પૂણ્ય કે કીર્તિની અપેક્ષા ન જોઈએ. ધ્યેયનિષ્ઠ થઈને સામે ચાલીને સંસ્કૃતિના કાર્ય માટે વિત્ત આપનાર ખરો ઉદાર કહેવાય. રઘુવંશીઓના કાળમાં કોઈ કંજૂસ ન હતો. લોકોમાં આત્મવિશ્વાસ અને ઈશવિશ્વાસ હતો. તેથી જ પ્રજામાં પણ ઔદાર્ય ખીલ્યું હતું. ઋષિએ તેથી જ લક્ષ્મીપતિ સાથે આવનારી લક્ષ્મી માગી છે. જગત ખોટું છે અને લક્ષ્મી ત્યાજ્ય છે એવું ભારતીય ઋષિઓએ કોઈ દિવસ માન્ય કર્યું નથી.

માણસે પોતાનું જીવન યશસ્વી બનાવવું જોઈએ. જીવનમાં સંપત્તિ અને વિપત્તિ આવવાના જ. તે બન્નેને ગજવામાં મૂકવા જોઈએ પણ જીવનમાં પરાભૂત ન થવું જોઈએ. જીવનમાં પરાભૂત થયેલાને માણસ કેમ કહેવાય ? માણસે છાતી ઠોકીને કહેવું જોઈએ કે, 'ભગવાન હું માણસ જેવો જીવવાનો પ્રયત્ન કરું છું. હું પરાભૂત નહિ થાઉં. હું માણસમાંની પશુતા દૂર કરી તેને માનવ બનાવીશ. પ્રેમ અને ભાવ તેનામાં નિર્માણ કરીશ અને તારો થઈશ.' જીવનનો વિચાર કરતી વખતે માણસે વિચારવું જોઈએ કે જીવનમાં શ્રધ્ધા, પ્રેમ અને ભાવ કેટલા વધાર્યા ? ભગવાન પાસે ગયા પછી તે માણસના કપાળ ઉપરનું ચંદન, તિલક વગેરે જોતા નથી, તેનું જીવન તપાસે છે. તેથી જ મેળવેલા સંસ્કાર મુજબ જ બીજો જન્મ મળે છે. જીવનના ઉલટા પ્રવાહમાં જીવીને જેણે પોતાની શ્રધ્ધા ટકાવી તે જ ખરો જીવ્યો કહેવાય. જે કેવળ ઐંદ્રિય સુખનો જ વિચાર કરે છે તે પશુતુલ્ય જીવન જીવે છે. પશુ જીવન ખરાબ છે એમ શાસ્ત્રકારો કહેતા નથી. પરંતુ મનુષ્ય જીવન તેના કરતાં વિકસિત છે. પશુ કોણ ? पश्यति इति पशुः - જે દેખાય તે જ માને તે પશુ કહેવાય. જે બીજાના અનુભવ સ્વીકારે અને તેને અનુસરે તે માણસ. તે જ યશસ્વી કહેવાય.

રઘુવંશી રાજાઓના જીવનમાં વૃધ્ધાવસ્થામાં મનનશીલતા હતી. કારણ તેમનામાં શૈશવ, યૌવન અને વાર્ધક્ય એકી સાથે રહેતા હતા. આપણે શિવજીને બિલીપત્ર - ત્રિદલ ચઢાવીએ છીએ. ગીતા કહે છે कौमारं यौवनं जरा - ત્રિદલ ચઢાવો. આ ત્રણેય એક જ જીવનમાં ખીલવા જોઈએ. તો જ તે ખરા અર્થમાં વિકસિત જીવન કહેવાય. આ ત્રિદલ જ્ઞાનેશ્વરના જીવનમાં વિકસેલું હતું.

શૈશવ ટકાવવાનું એટલે બાલભાવ ટકાવવાનો. બાળકમાં નિરાગસતા, નિષ્પાપતા અને નિશ્ચિંતતા હોય છે. બાળકના જીવનમાં નિરાશા કે ઉદ્વિગ્નતાનો સ્પર્શ ક્યારે પણ હોતો નથી. જેને ભગવાન ઉપર સંપૂર્ણ વિશ્વાસ હોય તેના જીવનને ચિંતા સ્પર્શતી નથી. નિરાગસતા, નિષ્પાપતા અને નિશ્ચિંતતા જીવનમાં આવ્યા હોય તો બાલભાવ આવ્યો છે એમ કહેવાય.

યુવાન તે કે જેના જીવનમાં તેજસ્વિતા, તન્મયતા અને તત્પરતાનો સુમધુર સંગમ જોવા મળે છે. ગુજરાતી ભાષામાં ઘરડાને વૃદ્ધ કહે છે કે જે કંટાળેલો, થાકી ગયેલો, ઉત્સાહ શૂન્ય અને ખખડી ગયેલો હોય. પરંતુ વૃધ્ધ શબ્દનો આ ખરો અર્થ નથી. વૃધ્ધ તે કે જેના જીવનમાં ભાવ, પ્રેમ અને શ્રધ્ધા વધ્યાં હોય. જે વધી ગયેલો હોય તે વૃધ્ધ કહેવાય. એક સો છયાસી વર્ષના ભીષ્મ પિતામહ યુવાન હતા. એનું કારણ મહાભારતના યુધ્ધમાં કૌરવ પક્ષે સૌ પહેલો શંખ એમણે વગાડ્યો. તેમનાં મન અને બુધ્ધિ સતેજ હતાં.

રઘુવંશી રાજાઓ વૃધ્ધાવસ્થામાં પણ ઉત્સાહપૂર્ણ હતા. હરિશ્ચંદ્રના પુત્ર રોહિદાસના પ્રાણ તરસથી વિહ્વળ થયા હતા. સામે જ પરબ જોઈ અને પાણી પીવા દોડ્યો. ખોબામાં પાણી લઈ પીવા જાય છે એટલામાં હરિશ્ચંદ્રે બૂમ પાડી : 'રોહિદાસ ! તું ક્ષત્રિયનો બચ્ચો થઈ પરબનું પાણી પીએ છે ? ફેંકી દે તે પાણી. તું મરી જઈશ તો વાંધો નહિ, પણ પરબનું પાણી ન પી. !' શું તેજસ્વિતા છે ! કેટલું કુલાભિમાન.! આવી તેજસ્વી વૃત્તિ નિર્માણ થવી જોઈએ.

આ વૃત્તિ જેનામાં નિર્માણ થઈ તે વ્યક્તિ ગમે તે ઉંમરની હોય તો પણ તે યુવાન છે.

રઘુવંશી રાજાઓ જીવનભર પ્રભુ માટે અને પ્રભુના ભરોસે પ્રભુકાર્ય કરતા હતા. રઘુવંશી રાજાઓ જીવનભર આવું કામ કરતાં કરતાં દેહત્યાગ કરતા. તેમને વૈભવ, સત્તા કે કીર્તિ માટે લોભ ન હતો, તેમનું આખું જીવન આત્મોન્નતિ અને સમાજોન્નતિ માટે હતું.

સમાજના લોકોને વિવિધ ભયમાં રક્ષણ આપવાનું કામ ક્ષત્રિયોનું છે. તેમજ વૈદિક સંસ્કૃતિએ વર્ણવ્યવસ્થા (વર્ણભેદ નહિ) માન્ય કરી. ક્ષત્રિય એટલે क्षत्रात् त्रायते इति क्षत्रिय - લોકોને હિંસાથી અને ભયથી રક્ષણ આપી નિર્ભય બનાવે તેને ક્ષત્રિય કહેવાય. સદ્‌વૃત્તિના લોકોને મદદ કરે અને અસત્ વૃત્તિના લોકોનું શાસન કરે તેનું જ નામ ક્ષત્રિય. ભારતીય સંસ્કૃતિએ આવો એક વર્ગ ઊભો કર્યો કેવળ જન્મે ક્ષત્રિય નહિ પણ કર્મે ક્ષત્રિય થવાય. રઘુવંશી લોકોએ સમાજનું સ્થૈર્ય ટકાવવા સતત જાગૃત રહી ક્ષત્રિયના સ્વાભાવિક ગુણો જીવનમાં લાવવા અહર્નિશ પ્રયત્ન કરવો જોઈએ.

સમાજની સ્થિરતાનો આધાર ક્ષત્રિય ઉપર છે. આવા નિષ્ઠાવાન કુળમાં મનુ, રામ, કૃષ્ણ જેવા અવતારોને જન્મ લેવાનું મન થયું.

કૌટુંબિક એકમ ભાંગી પડે, સમાજમાં ડામાડોળતા વધે, રાષ્ટ્રમાં સર્વવ્યાપી રાષ્ટ્રભાવના ખલાસ થઈ જાય ત્યારે કુલીન ક્ષત્રિયને ચીડ ચડવી જોઈએ. સમાજનું સાંસ્કૃતિક દષ્ટિએ થયેલું દારુણ અધઃપતન જોઈને ક્ષત્રિયનું લોહી ઉકળી ઊઠે. ધ્યેયની સામે ક્ષત્રિયોની વૈભવની તો વાત જવા દો; જીવન પણ તુચ્છ લાગવું જોઈએ. ધ્યેયને માટે પ્રાણાર્પણ કરવાની તૈયારી રાખે તે ક્ષત્રિય.

રામ અને કૃષ્ણ માત્ર રઘુવંશી ક્ષત્રિયોના જ નહિ પણ સમસ્ત માનવ સમાજના માર્ગદર્શક છે. રામાયણ,મહાભારત અને શ્રીમદ્ ભગવદ્ ગીતા આપણી સંસ્કૃતિના આધારસ્તંભો છે. રામ અને કૃષ્ણના વંશજોએ આવી સંસ્કૃતિની પુનઃ સ્થાપના માટે પ્રભુકાર્ય દ્વારા પ્રથમ ક્ષાત્રધર્મ ઊભો કરવાનો છે. સંસ્કૃતિના શાશ્વત મૂલ્યો ઉપર પ્રેમ, જીવન સત્વ સમૃદ્ધિ, ઓજસ્વી વાણી અને ત્યાગનો મહાન આદર્શ ઊભો કરી કુળગૌરવ ઊભું કરવાનું છે. આ જ રામ અને કૃષ્ણની સાચી પૂજા છે. આવું પૂજન થાય તો સૂતેલા લોકો જાગે, જાગેલા બેઠા થાય, બેઠેલા ઊભા થાય, ઊભા થયેલા ચાલતા થાય, ચાલતા રહેલા દોડવા લાગે અને સમાજનો સર્વાંગી ઉત્કર્ષ થાય. ખરેખર આપણે મહદ્ ભાગ્યશાળી છીએ કે જે રઘુવંશમાં ભગવાન રામચંદ્ર જન્મ્યા તે પવિત્ર અને ઉચ્ચત્તમ રઘુવંશમાં ઈશ્વરીય કૃપાથી આપણને જન્મ મળ્યો. આવા મહાન કુળમાં જન્મ ધર્યાનું સાર્થક ત્યારે જ થાય કે રઘુવંશી રાજાઓ જે રીતે જીવન જીવ્યા છે તેમના જીવનમાંથી પ્રેરણા લઈ તેમનામાં રહેલા ગુણો આપણા જીવનમાં આત્મસાત થાય તેવો પ્રામાણિક પ્રયત્ન કરીએ. પ્રભુ રામચંદ્ર જેવા અવતારી પુરુષના જન્મને માટે સાત સાત પેઢીના રઘુવંશી રાજાઓની તપશ્ચર્યા કારણભૂત થઈ છે. તેમણે એક વિશિષ્ટ જીવનનિષ્ઠા સ્વીકારીને જીવન વ્યતિત કરવાનો નિર્ધાર કર્યો હતો અને તેનું પૂર્ણપણે પાલન કર્યું હતું. આપણે રઘુવંશી રાજાઓની આવી અદ્‌ભૂત યથોગાથા જાણ્યા પછી આપણને પણ 'હું રઘુવંશી હોવાનું ગૌરવ' અવશ્ય થાય, પરંતુ કેવળ આટલું સમજીને આગળ આ દિશામાં કંઈ જ ન વિચારીએ, કંઈ જ આગળ પ્રયત્ન ન કરીએ તો ચાલે ? ગૌરવવંતી યશોગાથા જાણ્યા પછી પણ તેમાંથી પ્રેરણા લઈ ક્રિયાશીલતા આપણા જીવનમાં ન ઊભી થાય તે ગૌરવ ટકી શકે ? આપણામાં અસ્મિતા ઊભી થઈ શકે ? આવા બધા પ્રશ્નોના ઉત્તર સકારાત્મક (**Positive**) લાવવાની જ આપણી ભાવના હોય તે સ્વાભાવિક છે તો આવો, આપણે બધા રઘુવંશીઓ સાથે મળી દઢ સંકલ્પ કરીએ કે આપણે બધા એક છીએ અને આપણા વચ્ચેનું ઐક્ય સદૈવ ચીર કાળ સુધી ટકી રહે. તે માટે જરૂરી તમામ પ્રામાણિક પ્રયત્નો કરીએ. આપણામાં ક્યારેય લેશમાત્ર પણ ભેદ ઊભો ન થાય તે માટે સતત જાગ્રત રહીએ. આપણે આગળ જોયું કે રઘુવંશી રાજાઓને વૈભવ, સત્તા કે કીર્તિ માટે લોભ ન હતો અને તેમનું સમગ્ર જીવન આત્મોન્નતિ અને સમાજોન્નતિ માટે હતું. આપણે પણ તેમનામાં રહેલા દિવ્ય ગુણો આપણામાં સાકારિત થાય તેવો પ્રામાણિક પ્રયત્ન કરીએ અને સમાજનું સ્થૈર્ય ટકાવવા માટે, આપણે સર્વે સંગઠિત થઈ, એકબીજા વચ્ચેના સામાન્ય પણ મનભેદ, કંઈ હોય તો તે સમાજની એકતા ટકાવી રાખવા માટે ભૂલી જઈએ અને આપણે બધા એક જ કુળમાં જન્મેલા હોઈ એક જ છીએ તેવો ખરા અંતઃકરણપૂર્વકનો ઐક્ય ભાવ અન્યોન્ય ઊભો કરીએ. સમાજના ઉત્કર્ષ માટે સંગઠિત થઈ, ખભેખભા મિલાવી આપણા સમાજને પ્રગતિનાં, વિકાસનાં શિખરો સુધી લેવા આપણે દઢનિશ્ચયપૂર્વક કૃતિશીલ થઈએ કે જેથી આપણું જીવન એક રઘુવંશીને શોભે તેવું બને. ખીલેલું જીવનપુષ્પ આપણે પ્રભુ રામચંદ્ર ચરણે ધરી મહાકવિ જે કુલગાથા ગાવામાં પોતાનું અહોભાગ્ય માને છે એ રઘુવંશમાં જન્મ ધર્યાનું સાર્થક કરીએ.

**પરિવારની નવી પેઢીને, યુવાનોને આ જાજરમાન ઈતિહાસ અને ગૌરવગાથાનું અનુસંધાન રહે તેવા સંવાદો અને કાર્યક્રમમાં જોડી રાખીને આપણી ગૌરવગાથાને આગળ વધારીએ. તમામ રઘુવંશી પરિવારોને રામનવમી-''રઘુવંશી ગૌરવદિન''ની અઢળક શુભેચ્છાઓ.**

## હું રઘુવંશી છું તેનો મને ગર્વ છે.

- હિમાંશુ ભાઈલાલ ઠક્કર
મંત્રી, શ્રી લોહાણા મહાપરિષદ

# સંતોષમાં જ સાચુ સુખ







બપોરના બે વાગ્યાના સુમારે હું ગાડીમાં બહાર જવા નીકળેલ રસ્તામાં અમારા ખાસ અંગત ગ્રાહકની વાડી આવી તેમાં અમારા ખેડૂતનો દીકરો લખમણ ઝાડના છાંયડે નિરાંતથી સુતો હતો. મેં વિચાર્યું આવડો જુવાનજોધ ખેડૂત આરામ કરે તે યોગ્ય નથી તેથી ગાડી વાડી બાજુ પાછી લીધી અને મને જોઈને લખમણ ઉભો થઈ ગયો અને કહેવા લાગ્યો કે આવો આવો આમ બપોરના અચાનક અને સામે ખાટલો ઢાળી બેસવા કહ્યું. તને જોઈને આ બાજુ આવવાનું થયું. કેમ ? શું કરે છે અત્યારે આરામ કેમ ? શેઠ વહેલો પાંચ વાગ્યે ઊઠીને દૂરના ખેતરમાં ગાડું લઈને સાંતેડે ગયેલ ત્યાંથી ૧૨ વાગ્યે પરત ફરી બળદોને નિરણ નાંખી હું જમ્યો અને થોડીવાર આરામ કરતો હતો.

અરે ભાઈ આરામ કરવાની તારી આ ક્યાં ઉંમર છે, તો શું કરું ? તમો જ અમારા વડીલ છો તો આપ જ સલાહ આપોને. ભાઈ, લખમણ તારી પાસે કેટલી જમીન છે ? શેઠ ૨૦ વિઘા છે, તો બીજી ૨૦ વિઘા લઈ લે. અત્યારે તો બેંકો બહુ ધિરાણ કરે છે. બરોબર શેઠ, પછી શું કરું ? એક ટ્રેક્ટર લઈ લે અને પછી બે ચાર માણસો રાખ પછી ઉત્પાદન મોટું આવશે. પછી ૫૦ વિઘા જમીન લઈ લે અને ફુડ પ્રોસેસીંગનો ઉદ્યોગ બનાવ અને લોકો તારા ખેત ઉત્પાદન લોકો અહીં ખરીદવા આવશે. પછી તેના વહીવટ માટે મોટો સ્ટાફ રાખ.

પછી શું કરું, શેઠ ?

પછી તું તારે નિરાંતે આરામ કર.

ખેડૂતના પુત્રએ સરસ જવાબ આપ્યો કે શેઠ આટલું કર્યા પછી પણ જો મારે આરામ જ કરવાનો હોય તો આટલામાં સંતોષ માની આરામ કરું છું તે સારું. શેઠ તમારો આભાર આ છે એક ખેડૂત પુત્રની સંતોષની રૂપરેખા.



સંકલન : ગંગારામભાઈ કે. કોટક, રાધનપુર.

## જય જલારામ... જય રઘુવંશ... જય મહાપરિષદ...


### હાર્દિક શુભેચ્છા સહ




ISCON
BUILDING THE FUTURE

**તલકશીભાઇ દલછારામ કોટક, પરિવાર**
**પ્રવિણ ટી. કોટક, ચેરમેન ઇસ્કોન ગ્રુપ**
**જયેશ ટી. કોટક - ઈસ્કોન ગ્રુપ**


### હૃદયપૂર્વકની અપીલ

શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા જરૂરિયાતમંદ પરિવારોને
સશક્ત બનાવવા આરોગ્ય અને શિક્ષણના સેવાયજ્ઞમાં
આપ પણ ટીપે ટીપે સરોવર ભરાય તે નાતે
યથાયોગ્ય યોગદાન આપી ધન્યતા અનુભવશો
એ જ અભ્યર્થના સહ.

મોહન ટી ઠક્કર, ટ્રસ્ટી, શ્રી લોહાણા મહાપરિષદ (૦૯૮૨૧૦ ૪૩૮૭૮)


*With Best Regards,*

**Suresh Chandarana**
Vice President, Saurashtra Zone

SINCE 1981

**DHAVAL AGRI EXPORTS**
Sesame Seeds, Peanuts & Spices Exporter
A-75, Market Yard, Rajkot (Bedi) - 3 Gujarat - India
PH.: +91 - 281 - 2790291 / 2790292 / 2790293
FAX : +91-281-2790294 • Cell : +91-98240 66375
Email : suresh@dhavalagri.com • Website : www.dhavalagri.com

THE FERN
HOTELS & RESORTS
Leading environmentally sensitive hotels

Nitin Raichura
98251 75353

Aan Automobile
Shri Ram Sarvjanik Hospital, Sec.
Shree Grurukupa Shraddha Realities Pvt. Ltd. Builders & Developers
Saurastra Cricket Association, Tre.
The Ferm Hotels

The Fern Residency, Kuwadva Road, Rajkot.
E-mail : nitin@sgsrgroup.com

Gadhiya Travelhub Pvt. Ltd.
Always at your service...
079 4008 2288

OUR SERVICES



Domestic & International Air Tickets
World Wide Hotel Booking
Car & Bus on Rent
Passport, Visa & Travel Insurance Assistance
Rail & Bus Tickets
Domestic & International Tour Packages

Address UGF- 7, City Center, Swastik Char Rasta, Navrangpura, Ahmedabad - 380 009
Mo : +91 70433 34555, +91 85111 65053 Email : info@gadhiyatravels.com



**ધવલ આચાર્ય**
Managing Director
ROYAL GROUP

યુવા અધ્યક્ષ ગુજરાત વિભાગ
કન્વીનર
કેન્દ્ર અને રાજ્ય સરકાર યોજના સેતુ

Royal House Opp. Karnawati Club, S.G. Highway, Ahmedabad-15
Mail Id : dhaval@royalinfra.com +91-9879100000, +91-9825250403

### હાર્દિક શુભેચ્છા સહ

**શ્રી રવીન્દ્રભાઈ વાઘાણી**
**પરિવાર, કોલકાતા**



## થેલેસેમિયા ભગાવો... સમાજ સુરક્ષિત બનાવો...


હસુભાઈ ભગદેવ, રાજકોટ, ૯૩૭૭૩૫૬૮૦૧

JTC
Jalaram Transport Co.
FLEET OWNERS TRANSPORT
CONTRACTORS & COMMISSION AGENT
H.O. : 3-Bhaktinagar Station Plot, Rajkot-2
Telefax : 0281-2482185 / 86 - 3290613
Mobile : 93773 56824 To 26
E-mail : jalaram.transport@yahoo.com
E-mail : jalaramtransportraj@gmail.com

Himanshu Thakker
9879301004
9374001004
(MBA, MCA, Doctoral Researcher)
www.himanshuthakkar.com



Career Counselling and expert opinion
- Science or Commerce ?
- Engineering or other courses ?
- India or abroad ?

Assured expert opinion based on aptitude test, psychometric / aptitude test and personal counselling with student / parents about best choice of field and college

Expert Educare Pvt. Ltd.
Career Counselling | Project Consulting | Skill Development - Training Programs

હાર્દિક શુભેચ્છા સહ
શ્રી પ્રવિણભાઈ કાનાબાર
પરિવાર, મસ્કત

હાર્દિક શુભેચ્છા સહ
શ્રી હરેશભાઈ મુડિયા
પરિવાર, મસ્કત

હાર્દિક શુભેચ્છા સહ
શ્રી દિનેશભાઈ પવાણી
પરિવાર, મસ્કત

હાર્દિક શુભેચ્છા સહ
શ્રી જીતુભાઈ તન્ના
પરિવાર, મસ્કત

ADVOCATE
+91 94284 17965
SHYAMAL KIRIT BHIMANI
B.com., LL.B. (HONS.)
Advocate, Gujarat High Court
406/A, Satyamev-II, Nr. Gujarat High Court,
Opp. Kargil Petrol Pump, S.G. Road, Sola, Ahmedabad-60
E-mail : shyamalbhimani.adv@gmail.com




HARSH CLEAN DHAN PVT. LTD.
Regd. Office : 11/2A, Pusa Road, New Delhi-110005
Factory : Maa Umiya Industrial Estate, Plot No. 178, Kapsi Bujurg,
Bhandara Road, Nagpur - 441001 Mob. : 88881 10467 Email : nagpur.woosh@gmail.com

# અંગદાન કરી મૃત્યુ બાદ પણ જીવંત રહીએ


હાર્દિક શુભેચ્છા સહ

શ્રી દિનેશભાઈ મારફતિયા
પરિવાર, જામનગર

ભરતભાઈ રેલીયા, રાજકોટ
૯૮૨૫૦ ૭૮૯૫૯

PHARMA Distributors
Near Moti Tanki, Rajkot - 360 001.
Ph. O.: 2446547 Ph. R.: 2572662
M.: 94269 30024 - 98250 78959
E-mail : pharma_relias@yahoo.co.in

કે. સી. ઠક્કર - ગાંધીધામ
B.E. (Civil) - Engg. & Developer
(M) : 98251 23321
ઉપપ્રમુખ (કચ્છ) - શ્રી લોહાણા મહાપરિષદ
પૂર્વ પ્રમુખ : શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
પ્રમુખ : શ્રી માધવ ચેરીટેબલ ટ્રસ્ટ, ગાંધીધામ
ટ્રસ્ટી : શ્રી રામ કિશ્ન સ્ટર્લીંગ હોસ્પિટલ, ગાંધીધામ
ટ્રસ્ટીઃ શ્રી જલારામ રઘુવંશી લોહાણા કન્યા છાત્રાલય, રાપર
ટ્રસ્ટી : શ્રી લવજીભાઈ ઉકશીભાઈ ચેરીટેબલ ટ્રસ્ટ, સામખીયારી
ટ્રસ્ટી : શ્રી લોહાણા બોર્ડીંગ (કુમાર છાત્રાલય), રાપર

હાર્દિક શુભેચ્છા સહ

શ્રી ભરતભાઈ કોટક
અધ્યક્ષ, સ્થાયી સમિતિ

હાર્દિક શુભેચ્છા સહ

શ્રી ધર્મેશભાઈ હરિયાણી
અધ્યક્ષ, શિક્ષણ સમિતિ

હાર્દિક શુભેચ્છા સહ

શ્રી પિયુષભાઈ ગંઠા
મંત્રી, શ્રી લોહાણા મહાપરિષદ

હાર્દિક શુભેચ્છા સહ

શ્રી નિલેષભાઈ કોટક
પ્રમુખશ્રી, અખિલ સૌરાષ્ટ્ર રઘુવીર સેના

માતુશ્રી ગોદાવરીબેન ગંગારામ પાંધી
પરિવાર-મુંબઈ (બિદડા-કચ્છ)ના
જય રઘુવંશ-જય મહાપરિષદ

શ્રીમતી : હેતલબેન નિતીન ઠક્કર (પાંધી) તથા
ધ્વનિ તેજસ ચોથાણી પરિવારના
- જય જુલેલાલ -

# મહિલા વિભાગ

## નવી મુંબઈ



શ્રી લોહાણા સમાજ નવી મુંબઈ મહિલા વિંગ દ્વારા વર્ષની શરૂઆતમાં જ માતાકી ચોકીનો ભક્તિમય કાર્યક્રમનું આયોજન ગત તા. ૨૪-૧-૨૦૧૮ ના બુધવારે સાંજે ૪ થી ૯ દરમ્યાન ભવનના એ. સી. હોલમાં યોજાયો હતો જેમાં સમાજની બહેનોએ લાલ રંગના ઘરચોળા, લાલ રંગની બાંધણી તથા લાલ રંગનો ડ્રેસ પરીધાન કરી આ ભક્તિમય કાર્યક્રમ ખૂબ જ આનંદ અને ઉત્સાહપૂર્વક ઉજવ્યો હતો. આ કાર્યક્રમમાં આપણા સમાજના આમંત્રણને માન આપી ગત પ્રેસિડેન્ટ મીનાબેન રૂપારેલ પધાર્યા હતા અને તે સાથે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના મહિલા વિભાગના વાઈસ પ્રેસિડેન્ટ શ્રી રશ્મિબેન સતીષભાઈ વિઠલાણી તથા લોહાણા મહાપરિષદના મુંબઈ સહ મહારાષ્ટ્ર સમિતિના જ્યોતિબેન કિરીટભાઈ ઠક્કર તથા બદલાપુર અમરનાથના પ્રમુખ શ્રી તરૂણભાઈ લાલાઈ પધાર્યા હતા અને સર્વેનું લોહાણા સમાજ મહિલા વિંગના બહેનોએ ઉત્સાહપૂર્વક સન્માન કર્યું હતું.

આ સાથે આ આયોજનમાં ઔરંગાબાદના રીટાબેન, ગીતાબેન, બદલાપુરના માલતિબેન પધાર્યા હતા અને સાથે પૂના, સાંગલી, કલ્યાણ, ડોંબિવલી, બદલાપુર, અંધેરી, કાંદિવલી અને મુલુંડથી આવેલ સર્વે બહેનોનું મીનાબેન રૂપારેલ તથા સમાજના સર્વે બહેનોએ આવેલ મહેમાનોનું હલદી કંકુ કરી હાથમાં સુંદર મજાના કલરફૂલ બ્રેસલેટ પહેરાવી મકર સંક્રાંતિ નિમિત્તે તલના લાડુ આપી મોં મીઠું કરાવ્યું હતું.

'તિલ ગુળ ખાવા આણી ગુળ ગુળ બોલા''

ત્યારબાદ દિપ પ્રાગટ્ય કરાવ્યું હતું અને માતાકી ચોકી પધારેલ સુનિલભાઈ, ચિત્રાબેન, ડોલીબેને માતાજીના ભજનો રમઝટ બોલાવી હતી. અંતે આવેલ સર્વે મહેમાનો તથા સમાજના બહેનોએ પ્રસાદરૂપે સ્વરૂચિ ભોજનનો આનંદ માણ્યો હતો. આ અનુદાનના દાતા શ્રી મીનાબેન રૂપારેલ, ધર્મેન્દ્રભાઈ કારીયા, પ્રતાપભાઈ ઠક્કર, ભરતભાઈ ઠક્કર, જીતેન્દ્રભાઈ ઠક્કર, વિશાલભાઈ ચંદે તથા દિપકભાઈ દૈયા હતા. માતા કી ચોકીનું સંપૂર્ણ આયોજન વિશાલભાઈ અનડાએ કર્યું હતું. સાંજે ૬ થી ૮ યુથ વિંગ આ આયોજનમાં જોડાઈ કાર્યક્રમનો રંગ રાખ્યો હતો. સમાજવતી તેમજ મહિલા વિંગ દ્વારા યુથવિંગનો આભાર વ્યક્ત કર્યો હતો.




મહિલા વિંગનો આ વર્ષનો બીજો પ્રોગ્રામ તા. ૨૮-૨-૨૦૧૮ ને બુધવારે સાંજે ૪ થી ૬ ભવન ખાતે રાખવામાં આવેલ છે. જેમાં રશ્મિબેન, શક્તિબેન, ભાવિકાબેન તથા આવનાર બહેનોને અંતાક્ષરી રમાડી આનંદ કરાવ્યો હતો.

---




શ્રી લોહાણા મહાપરિષદ મુંબઈ સહ મહારાષ્ટ્ર મહિલા સમિતિનો પ્રોગ્રામ ૧૦ માર્ચ, ૨૦૧૮ના રોજ માલેગાંવમાં સફળતાપૂર્વક યોજાઈ ગયો. જેમાં મહિલા વિભાગના રાષ્ટ્રીય ઉપપ્રમુખ રશ્મીબેન વિઠલાણીના નેતૃત્વ હેઠળ યોજાયેલ. પ્રોગ્રામને સફળ બનાવવા માટે શ્રી માલેગાંવ લોહાણા મહાજન - મહિલા મંડળની બહેનોએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી. શ્રી લોહાણા મહાપરિષદ મુંબઈ સહ મહારાષ્ટ્ર મહિલા સમિતિના સહયોગથી માલેગાંવ મહિલા મંડળની સ્થાપના થઈ ત્યારબાદ જીતુભાઈ કુટમુટિયાએ ઓર્ગેનિક ફૂડ અને તેના પ્રયોગ વિશે સરસ માહિતી આપી હતી. આ પ્રોગ્રામમાં મુંબઈ, વાસી, પુના, કલ્યાણ, ડોમ્બીવલી, બદલાપુર અને ઔરંગાબાદથી સમિતિની બહેનોએ ભાગ લીધો હતો. સર્વે પધારેલ બહેનોનો મુંબઈ સહ મહારાષ્ટ્ર મહિલા વિભાગના ઉપપ્રમુખ શ્રી જ્યોતિબેન ઠક્કરે આભાર વ્યક્ત કર્યો હતો.



**સંકલન : જ્યોતિબેન ઠક્કર**

# સ્થાયી સમિતિઓના અહેવાલ

## શિક્ષણ સમિતિની બેઠક

શિક્ષણ સમિતિની બેઠક શ્રી લોહાણા મહાપરિષદના કાર્યાલય પર તા. ૨૪ ફેબ્રુઆરી, ૨૦૧૮ ના રોજ ધર્મેશભાઈ હરિયાણીના અધ્યક્ષ સ્થાને યોજાઈ. સાંજે ૫.૩૦ કલાકે અલ્પાહાર બાદ રઘુવંશી ધ્વજવંદન ગીત ગાનથી શરૂ થયેલ આ મીટીંગમાં શ્રી ધર્મેશભાઈએ સૌનું સ્વાગત કરી ઉપસ્થિત સભ્યોની એક બીજા સાથેની પરિચયવિધિ કરેલ. શ્રી લોહાણા મહાપરિષદની શિક્ષણ સમિતિ દ્વારા સ્કોલરશિપ, ઉચ્ચ શિક્ષણ માટે તેજસ્વી વિદ્યાર્થીઓને આર્થિક સહાય, કારકિર્દી માર્ગદર્શન તથા કેન્દ્ર અને રાજ્ય સરકારની જાહેર સેવાઓની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડવા જેવા વિવિધ વિષયો ઉપર વિગતે ચર્ચા કરી ઉપસ્થિત સભ્યોના સૂચન અને માર્ગદર્શન મેળવ્યા હતા. આ મીટીંગમાં પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, વાઈસ ગવર્નર શ્રી પરેશભાઈ ભૂપતાણી, મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર, ખજાનચી શ્રી હિંમતભાઈ કોટક, શ્રી પી. જી. ઠક્કર, સી.એ. ભરતભાઈ મોદી, ડૉ. નિલેશભાઈ સૂચક, સી.એ. વસંતભાઈ અનારકટ, સી.એ. દિલીપભાઈ પંખી, શ્રી જયેશભાઈ ઠક્કર, શ્રી નિરવભાઈ ઠક્કર, શ્રી નિલયભાઈ ભૂપતાણી, શ્રી આનંદભાઈ હરિયાણી, સી.એ. ગોપાલભાઈ ઠક્કર, શ્રી રાધાકૃષ્ણન પૂજારા, શ્રી રમેશભાઈ પાઉ, શ્રી મહેન્દ્રભાઈ સોમાણી, શ્રી હરીશભાઈ ઠક્કર, શ્રી ભવાનભાઈ કોટક, શ્રી  મુકેશભાઈ ગોવાણી, શ્રી નીતીનભાઈ ઠક્કર, શ્રી અશોકભાઈ ગઢિયા, શ્રી અંજનભાઈ કોટક, શ્રી રમેશભાઈ અનમી તથા અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ મીટીંગમાં શ્રી પરેશભાઈ ભૂપતાણીએ પણ માર્ગદર્શન આપ્યું હતું અને આ પ્રવૃત્તિઓનો વ્યાપ ટીમના સભ્યોના માધ્યમથી મહાજનો સુધી વ્યાપક બને તે માટે ઘટતું કરવા પણ જણાવ્યું હતું. આ પ્રસંગે મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે શિક્ષણ અને તે સાથે સંલગ્ન માતૃસંસ્થાની અન્ય પ્રવૃત્તિઓ વિશે પણ સૌને માહિતગાર કર્યા હતા. અંતમાં શ્રી પ્રવિણભાઈ કોટકે શ્રી ધર્મેશભાઈ હરિયાણીને આ સુંદર આયોજન માટે અભિનંદન પાઠવ્યા હતા અને શિક્ષણ અને આરોગ્યમાં જેટલું કરીએ તેટલું ઓછું તેમ જણાવી સૌને આ મહાયજ્ઞમાં પોતાની આહૂતિ આપવા અપીલ કરી હતી. અંતમાં લગભગ ૮.૦૦ કલાકે સૌ ભોજન પ્રસાદ લઈ છૂટા પડ્યા હતા.

**સંકલન : ધર્મેશભાઈ હરિયાણી**
**અધ્યક્ષ - શિક્ષણ સમિતિ**



## પર્યાવરણ સમિતિ




# પાણી બચાવો, જીવન બચાવો

શ્રી લોહાણા મહાપરિષદ પર્યાવરણ સમિતિના વૃક્ષો વાવો ધરતી બચાવો અભિયાન અંતર્ગત ૪-૨-૨૦૧૮ રવિવારે શિક્ષક કોલોની ભારતનગર રોડ, નાગપુર, ગણેશ મંદિર પ્રાંગણમાં પૂર્વ નાગપુરના આદરણીય ભાજપ આમદાર શ્રીકૃષ્ણાભાઉ ખોપડેના હસ્તે બપોરે ૩.૦૦ કલાકે વૃક્ષારોપણ રાખવામાં આવેલ. શ્રી લોહાણા મહાપરિષદ, પર્યાવરણ સમિતિના નાગપુરથી રાષ્ટ્રીય સભ્ય શ્રી ઉમેશભાઈ ઠક્કરની સાથે રૂશાલ ઉમેશભાઈ ઠક્કર દ્વારા વૃક્ષારોપણમાં સહભાગી થયેલ.

તા. ૧૦-૨-૧૮ ના રોજ શ્રી લોહાણા મહાપરિષદ, પર્યાવરણ સમિતિ દ્વારા "વૃક્ષો વાવો ધરતી બચાવો" અભિયાન અંતર્ગત, શ્રીજી ગૌશાળા ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ સુપ્રસિદ્ધ ગાયક કલાકાર શ્રી નિધિબેન ધોળકીયા, શ્રીજી ગૌશાળાના શ્રી પ્રભુદાસભાઈ તન્ના તથા ગિરિરાજ હોસ્પિટલના શ્રી રમેશભાઈ ઠક્કરના વરદહસ્તે રાખવામાં આવેલ જેમાં પર્યાવરણ સમિતિ સૌરાષ્ટ્ર વિભાગના વિજયાબેન કટારીયા, સુરેશભાઈ કટારીયા, ચેતનાબેન ભીંડોરા, નિશિતભાઈ જીવરાજાની, રશ્મીબેન માણેક, શરદભાઈ વિઠલાણી તથા જયભાઈ ઘેલાણી પણ ઉત્સાહભેર જોડાયા હતા.



તા.૧૪-૨-૧૮ ના રોજ શ્રી પર્યાવરણ સમિતિ, મુંબઈ સહ મહારાષ્ટ્ર વિભાગના મંત્રી શ્રી લલિતભાઈ ઠક્કર દ્વારા તેમની લગ્નની વર્ષગાંઠ નિમિત્તે વૃક્ષારોપણ કરવામાં આવેલ.

૧૯-૨-૧૮ શ્રી લોહાણા મહાપરિષદ, પર્યાવરણ સમિતિ અંતર્ગત 'વૃક્ષો વાવો ધરતી બચાવો' અભિયાનમાં એલએમઈસી (વિદર્ભ સહ મધ્યભારત) પર્યાવરણ સમિતિ દ્વારા શ્રી લોહાણા મહાજન, શ્રી મહિલા મંડળ એવાં શ્રી લોહાણા યુવા મંડળના સાથે સંયુક્ત રૂપમાં શ્રી લોહાણા મહાજનવાડી, ફાફડીહ, રાયપુરના પ્રાંગણમાં વૃક્ષારોપણ કરવામાં આવેલ જેમાં શ્રી લલિતભાઈ જોબનપુત્રા, શ્રી લલિતભાઈ રાયચુરા અને મહાજન પ્રમુખ શ્રી વિનયભાઈ, હિતેશભાઈ રાયચુરા, નિલેશભાઈ પોપટ, રવિભાઈ માનસતા, શ્રી લોહાણા મહિલા મંડળ અધ્યક્ષા શ્રીમતી જયશ્રીબેન પારેખ, રેખાબેન રાયચુરા, શ્રીમતી પુજારા અને શ્રી લોહાણા યુવા મંડળ અધ્યક્ષ મનીષભાઈ રાણા, શૈલેષભાઈ ભીંડે, વિશાલભાઈ પારેખ અને સ્થાનીય રહેવાસીઓએ સાથ અને સહકાર આપી પર્યાવરણ પ્રત્યે નિષ્ઠા દ્વારા સહયોગ કર્યો હતો.

પર્યાવરણ સમિતિના વૃક્ષો વાવો ધરતી બચાવો અભિયાન અંતર્ગત તા. ૨૮-૨-૧૮ના ગુજરાતી ઉચ્ચત્તર માધ્યમિક સાળાના પ્રાંગણમાં સંપન્ન થયેલ કાર્યક્રમમાં વનવિભાગના અધિકારી (એસ.ડી.ઓ.) શ્રી બી.ડી. તિવારી, જી. મહાપોર, શ્રી મધુસુદન યાદવજી, પર્યાવરણ સમિતિના વિભાગીય મંત્રી શ્રી માનવભાઈ બુદ્ધદેવ તેમજ હિન્દી દૈનિક દાવાના સંપાદક શ્રી દિપકભાઈ બુદ્ધદેવ વ્યાસપીઠ પર બિરાજમાન હતા. આ અવસર પર શ્રી લોહાણા મહાજન રાજનંદગાવના ઉપપ્રમુખ શ્રી પ્રવિણભાઈ કાથરાણી, ગુજરાતી એજ્યુકેશન સોસાયટીના સચિવ શ્રી શૈલેષભાઈ કનૈયા, શ્રી ગિરીશભાઈ ઠક્કર, શ્રીમતી હંસાબેન પોપટ, શ્રીમતી દિવ્યાબેન નગદિયા, શ્રીમતી કલ્પનાબેન જોબનપુત્રા, દર્પણભાઈ બુદ્ધદેવ, નિધી જોબનપુત્રા તેમજ દુર્ગથી પધારેલા પર્યાવરણ સમિતિના વિભાગીય કારોબારી સભ્ય શ્રી મુકેશભાઈ આડતીયા તથા શ્રી શૈલેષભાઈ કક્કડ વિશેષરૂપે ઉપસ્થિત હતા. સરસ્વતી પૂજન પછી શ્રી માનવભાઈ બુદ્ધદેવએ પર્યાવરણ સમિતિના ઉપક્રમો વિશે વિગતે જાણકારી આપી અને રાજનંદગામના નવનિયુક્ત વિભાગીય કારોબારી સભ્યો શ્રી અજયભાઈ જોબનપુત્રા અને શ્રી ગોપાલભાઈ ચંદારાણાનું નિયુક્ત બાદ ટૂંક સમયમાં કરેલ આયોજન માટે અભિનંદન આપ્યા હતા. વિશેષ અતિથિ મહાપોર શ્રી યાદવજી, શ્રી તિવારીજી તથા શ્રી દીપકભાઈ બુદ્ધદેવ એ પર્યાવરણ વિશે મહત્ત્વપૂર્ણ જાણકારી આપી. શ્રી ગીરીશભાઈ ઠક્કર તેમજ શ્રી શૈલેષભાઈ કનૈયાએ પણ આપણા વિચારો વ્યક્ત કર્યા. ત્યારે જ રાજનંદગામના શ્રી સુરજભાઈ બુદ્ધદેવની કારોબારી સભ્ય તરીકે નિમણૂંક કરવામાં આવી તે પછી અતિથીઓના હાથે વિદ્યાલયના પ્રાંગણમાં આશરે ૬૦ જેટલા વૃક્ષો લગાડવામાં આવ્યા. આયોજન માટે સમિતિના કારોબારી સભ્ય શ્રી અજયભાઈ જોબનપુત્રા તથા શ્રી ગોપાલભાઈ ચંદારાણાએ વિશેષ પ્રયત્ન કરેલ.


















પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણી તથા મંત્રી શ્રી ભાવિનભાઈ જોબનપુત્રા દ્વારા પર્યાવરણ સમિતિના સભ્યોને તેમની વિવિધ પર્યાવરણલક્ષી પ્રવૃત્તિઓ માટે અભિનંદન પાઠવવામાં આવેલ.



## "પાણી બચાવો - જીવન બચાવો" અભિયાન અંતર્ગત 'તિલક હોળી'ની ઉજવણી

તા.૨૮-૨-૧૮ ના રોજ અમદાવાદના ઔડા ગાર્ડન ખાતે પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા 'તિલક હોળી' ઉજવવામાં આવેલ. "પાણી બચાવો - જીવન બચાવો" અભિયાનના ભાગરૂપે તિલક લગાવીને પ્રતિકાત્મક રીતે હોળી ઉજવવામાં આવેલ. આ કાર્યક્રમમાં શ્રી લોહાણા મહાપરિષદના મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર, પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણી, શ્રી નિલેશભાઈ ઠક્કર, શ્રી નરોત્તમભાઈ ઠક્કર, શ્રી વિજયભાઈ ઠક્કર, શ્રી મનોજભાઈ ઠક્કર, શ્રી બાલકૃષ્ણભાઈ ઠક્કર, શ્રી જયભાઈ નાગોરા, શ્રી રમેશભાઈ અનમી તથા પરિવારજનો અને પર્યાવરણ પ્રેમીઓએ એકબીજાને તિલક લગાવી "પાણી બચાવો જીવન બચાવો"નો કોલ આપેલ. આ તકે ઝેડ-૨૪ ની ટીમ દ્વારા કવરેજ કરવામાં આવેલ જે સમગ્ર ભારતમાં આ સંદેશો ફેલાવશે.

પર્યાવરણ સમિતિ શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા અમરેલીમાં શ્રી સુમિતભાઈ કારિયા તથા નાગપુરમાં શ્રી ઉમેશભાઈ ઠક્કર, પ્રફુલભાઈ રાજા તથા જ્ઞાતિજનો દ્વારા ઉજવવામાં આવેલ.

તા.૨૫-૨-૧૮ના રોજ પર્યાવરણ સમિતિ, મુંબઈ સહ મહારાષ્ટ્ર વિભાગના મંત્રી શ્રી લલિતભાઈ ઠક્કર તથા વિવિધ અગ્રણીઓ દ્વારા તિલક હોળી ઉજવવામાં આવેલ તથા ૧-૩-૧૮ના રોજ પણ લલિતભાઈ ઠક્કર તથા લાયન્સ કલબના સભ્યો દ્વારા મુંબઈના માર્વે રોડ ખાતે 'તિલક હોળી' ઉજવવામાં આવેલ.

લોહાણા યુવા સંગઠન ગાંધીનગર દ્વારા તિલક હોળીની ઉજવણી કરવામાં આવેલ તથા પર્યાવરણ સમિતિ, વિદર્ભ સહ મધ્ય ભારતમાં અશોક




રતન ખાતે પણ તિલક હોળી ઉજવવામાં આવેલ.

તા.૧-૩-૧૮ના રોજ જલારામ સમાજ સેવા ટ્રસ્ટ અને લોહાણા મહાપરિષદ પર્યાવરણ સમિતિ દ્વારા પોરબંદર (સૌરાષ્ટ્ર વિભાગ) ખાતે તિલક હોળી ઉજવવામાં આવેલ. જેમાં ઉપસ્થિત યોગેશભાઈ પોપટ, કમલભાઈ પાઉ, હેમેનભાઈ રાયમગિયા, પંકજભાઈ ચંદારાણા, હર્ષદભાઈ, હાર્દિકભાઈ, નીશીતભાઈ, રોનકભાઈ, જીગ્નેશભાઈ, મીતેશભાઈએ 'જળ એ જ જીવન' ને સાર્થક કરતી પંક્તિ અને તેને અનુરૂપ કાર્યક્રમ એટલે તિલક ઉજવેલ.

માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ પર્યાવરણ સમિતિના "પાણી બચાવો - જીવન બચાવો" અભિયાન અંતર્ગત અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણીએ સર્વે રઘુવંશીઓ તથા સમાજના દરેક વર્ગને તિલક હોળી ઉજવી અને પાણીનો વ્યય ના થાય તેવી અપીલ કરેલ. જેના સંદર્ભમાં તા. ૧ માર્ચ, ૨૦૧૮ ને ગુરુવારના રોજ સાંજે ૪ કલાકે કેશરીયા મહાજનવાડી, કાલાવાડ રોડ, રાજકોટ ખાતે "તિલક હોળી" નો કાર્યક્રમ યોજાયો જેમાં અધ્યક્ષસ્થાને પર્યાવરણ પ્રેમી રાજકોટ લોહાણા મહાજન પ્રમુખ તથા મહાપરિષદના રાષ્ટ્રીય સંયુક્ત મંત્રી શ્રી કાશ્મીરાબેન નથવાણી તથા પર્યાવરણ સમિતિના સભ્યો હાજર રહ્યા હતા. શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર તથા અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણીએ તિલક હોળી માટે સૌને અભિનંદન પાઠવ્યા હતા.

તા.૧-૩-૧૮ના રોજ અમરાવતી ખાતે જલારામ ધૂન મંડળ દ્વારા રામધુન બાદ તિલક હોળી ઉજવવામાં આવેલ. આ કાર્યક્રમમાં પર્યાવરણ સમિતિ, વિદર્ભ સહ મધ્યભારતના ઉપાધ્યક્ષ, શ્રી સુરેશભાઈ વસાણી, કારોબારી સભ્ય એડ. ધર્મેશભાઈ સાગલાણી તથા અનેક લોકોએ ભાગ લીધેલ. શ્રી જલારામ મહિલા સત્સંગ મંડળ, અમરાવતીના અધ્યક્ષ શ્રીમતી રશ્મિબેન રાયચુરા તેમની માતા શ્રીમતી પુષ્પાબેન બુધ્ધદેવ તથા તેમની પુત્રી જસ્મીન અને પાયલ સાથે તિલક હોળી ઉજવેલ. પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણી તથા મંત્રી શ્રી ભાવિનભાઈ જોબનપુત્રા દ્વારા પર્યાવરણ સમિતિના સભ્યોને તેમની વિવિધલક્ષી પર્યાવરણલક્ષી પ્રવૃત્તિઓ માટે અભિનંદન પાઠવવામાં આવેલ.













તા.૨૨-૨-૧૮ના રોજ શ્રી લોહાણા મહાપરિષદ પર્યાવરણ સમિતિ દ્વારા "વૃક્ષો વાવો ધરતી બચાવો" અભિયાન અંતર્ગત અમદાવાદમાં ચાણક્યપુરી વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશન ખાતે વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવેલ જેમાં શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, ઘાટલોડિયા વિધાનસભાના ધારાસભ્ય શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, બોર્ડ મેમ્બર એનિમલ વેલફેર ઓફ ઈન્ડિયા શ્રી દિલીપભાઈ શાહ, શ્રી દિનેશભાઈ દેસાઈ તથા શ્રી લોહાણા મહાપરિષદના મંત્રી તથા શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટના પ્રમુખ શ્રી હિમાંશુભાઈ ઠક્કર તથા પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કીરીટભાઈ ભીમાણી, અમદાવાદ લોહાણા મહાજનના પ્રમુખ શ્રી અશોકભાઈ ગઢિયા, ઉત્તર ગુજરાત દેશી લોહાણા મહાજનના પ્રમુખ શ્રી વિનોદભાઈ ઠક્કર, પ્રમુખશ્રી કચ્છી લોહાણા સમાજ શ્રી જગદીશભાઈ અનમ, ગુજરાત ઉપાધ્યક્ષ શ્રી નિલેશભાઈ ઠક્કર, શ્રી હિંમતભાઈ કોટક, શ્રી ધર્મેશભાઈ હરિયાણી, શ્રી અલ્પેશભાઈ ગોવાણી, શ્રી રઘુવીરભાઈ ગઢિયા, શ્રી મૌલિકભાઈ, મંત્રી શ્રી નરોત્તમભાઈ ઠક્કર, શ્રી વિજયભાઈ ઠક્કર, શ્રી શિલ્પાંગભાઈ કારીયા, શ્રી રઘુવીરભાઈ, શ્રી ભરતભાઈ અખાણી, શ્રી જયભાઈ, શ્રી મુકેશભાઈ, શ્રી બાલકૃષ્ણભાઈ, શ્રી જીગરભાઈ ઠક્કર, શ્રી કપિલભાઈ તથા ૧૦૦ થી વધુ પર્યાવરણ પ્રેમીઓ ઉપસ્થિત રહેલ અને દરેક મહાનુભાવોનું પર્યાવરણ સમિતિ દ્વારા તુલસીનો છોડ આપી સન્માન કરવામાં આવેલ. આ પ્રસંગે અનુલક્ષીને શ્રી ભુપેન્દ્રભાઈ, શ્રી પ્રવિણભાઈ, શ્રી હિમાંશુભાઈ શ્રી દિનેશભાઈ તથા શ્રી કિરીટભાઈ દ્વારા સંબોધન કરવામાં આવેલ ત્યારબાદ પ્રથમ વડના વૃક્ષ દ્વારા વૃક્ષારોપણની શરૂઆત કરવામાં આવી તથા પાણીના કુંડા તથા પુસ્તકોનું વિતરણ કરવામાં આવેલ.

# સંસ્થા સમાચાર

**અમદાવાદ** શ્રી લોહાણા પરિવાર - અમદાવાદ દ્વારા તા. ૪-૩-૨૦૧૮ને રવિવારના રોજ સોલા ભાગવત વિદ્યાપીઠ, સરખેજ ગાંધીનગર હાઈવે, સોલા ખાતે અગિયારમો સમૂહ લગ્ન યોજાઈ ગયો જેમાં ૨૧ નવ યુગલોએ પ્રભુતામાં પગલા પાડ્યા હતા. જેમાં અતિથિ વિશેષ તરીકે શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર, ગવર્નર શ્રી યોગેશભાઈ લાખાણી, વાઈસ ગવર્નર શ્રી પરેશભાઈ ભૂપતાણી સહિત રઘુવંશી સમાજના અનેક સમાજશ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સમૂહ લગ્નોત્સવમાં પ.પૂ.શ્રી ભાણસાહેબ સમાધિસ્થાન ગુરુગાદી કમીજલાના મહંત શ્રી જાનકીદાસ બાપુ તથા પૂ. નિર્મલદાસજી બાપુ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં શ્રી ધર્મેશભાઈ કે. હરિયાણીને "જ્ઞાતિ ગૌરવ", શ્રી સુરેશભાઈ આર. ઠક્કરને "જ્ઞાતિ રત્ન", શ્રી હિંમતભાઈ કે. કોટકને "જ્ઞાતિ રત્ન" એવોર્ડથી નવાજી તેમની સમાજ પ્રત્યેની ઉદાર ભાવના અને સેવાઓને બિરદાવવામાં આવેલ સાથે સાથે લોહાણા પરિવારમાં સુંદર કાર્ય કરતા શ્રી પ્રવિણભાઈ ભગદેવને પણ જ્ઞાતિરત્ન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. શ્રી પ્રણવભાઈ ચંદારાણા દ્વારા વિશેષ જહેમત ઉઠાવી ભારતવર્ષમાં રહેલા જ્ઞાતિબંધુઓના વ્યવસાયની માહિતીના આદાન-પ્રદાન માટે "લોહાણા ડિરેક્ટરી"નું પણ પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક અને શ્રી જાનકીદાસજી બાપુ દ્વારા વિમોચન કરાવવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સુંદર સંચાલન શ્રી રમેશભાઈ ઠક્કર દ્વારા કરવામાં આવેલ. સંસ્થાના મંત્રી શ્રી નરેશભાઈ ઠક્કર અને આ સમારોહના કન્વીનર શ્રી ગીરીશભાઈ છોટાલાલ ઠક્કર દ્વારા પોતાની જવાબદારીની રૂએ સુંદર રજુઆત કરવામાં આવેલ. પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ સોમાણી તેમના સાથી શ્રી મનુભાઈ પૂજારા અને સમગ્ર ટીમ દ્વારા સંકલન કરી આ કાર્યક્રમને યાદગાર બનાવ્યો હતો.

**સંકલન : પ્રવિણ ભગદેવ**

**કલ્યાણ** શ્રી કલ્યાણ લોહાણા મહાજન દ્વારા સંત શિરોમણી પ્રાતઃવંદનીય પ.પૂ.શ્રી જલારામબાપાની ૧૩૭મી પુણ્યતિથિ મહા વદ દસમ, શનિવાર તા. ૧૦-૧૨-૨૦૧૮ ના રોજ શ્રી જલારામ હોલ, માતુશ્રી શામબાઈ લોહાણા મહાજન વાડી ખાતે મનાવવામાં આવી. સવારે ૧૦ થી બપોરે ૧૨ વાગ્યા સુધી શ્રી રાધામંડળની ભજનિક બહેનોએ ભજનની ધૂમ મચાવી હતી.બપોરે ૧૨ વાગ્યે મહાજનશ્રીના સ્થાનિક ગોર શ્રી વિમલભાઈ લહેરૂએ પૂજન-અર્ચન અને આરતી કરાવી હતી. બપોરે ૧૨.૩૦ વાગ્યાથી મહાપ્રસાદ ભંડારાની શરૂઆત થઈ હતી. સમગ્ર કાર્યક્રમના પ્રાયોજક દાતા જલારામ પ્રેમી જ્ઞાતિ અગ્રણી સ્વ.શ્રી મનસુખલાલ ચુનીલાલ પોપટના પરિવારજનો હતા. મહાજન પ્રમુખ શ્રી જયેશભાઈ કારિયાએ પોપટ પરિવારના સર્વે ઉપસ્થિત સભ્યોનું અભિવાદન કરી તેમનાં સેવાકાર્યોને બિરદાવ્યા હતા.

**સંકલન : જયેશ કારિયા**

**કલ્યાણ** લોહરગઢના છેલ્લા મહારાણા શ્રી લોહરાણા કુમાર વીરદાદા જશરાજે ગૌવંશને બચાવવામાં મહા સુદ પાંચમ - વસંત પંચમીના દિવસે યવનોને પડકારી, વીરતાપૂર્વક લડત આપી પોતાના પ્રાણની આહુતિ આપી દીધી ત્યારથી તે દિવસને આપણે રઘુવંશીઓ શૌર્યદિન તરીકે મનાવીએ છીએ. આ વર્ષે સોમવાર તા. ૨૨ જાન્યુઆરી, ૨૦૧૮ સંત પંચમી આપણા વીર સપૂત વીર દાદા જશરાજની ૯૫૨મી પુણ્યતિથિ, તેમના શૌર્યદિને કૃતજ્ઞતાપૂર્વક વીરાંજલિ - શ્રધ્ધાંજલિ અર્પવાનો કાર્યક્રમ શ્રી કલ્યાણ લોહાણા મહાજનશ્રી દ્વારા માતુશ્રી શામબાઈ લોહાણા મહાજનવાડી ખાતે યોજવામાં આવેલ. આપણા શૂરવીર, મહાન યોદ્ધાનું ગર્વપૂર્વક અને માનભેર સ્મરણ કરી વીરોચિત સ્મરણાંજલિ અર્પવા શ્રી કલ્યાણ લોહાણા મહાજન વયસ્ક સમિતિ, મહિલા સમિતિ અને યુવા સમિતિના સભ્ય ભાઈ-બહેનો અને ભાવિકજનોની ઉપસ્થિતિમાં મહાજનશ્રીના સ્થાનિક ગોર શ્રી વિમલભાઈ લહેરૂએ વીર દાદા જશરાજની પૂજન અર્ચન વિધિ અને આરતી ભાવપૂર્વક કરાવી હતી. શ્રી કલ્યાણ લોહાણા મહાજનના પ્રમુખ શ્રી જયેશભાઈ કારિયાએ ઉપસ્થિત જનસમૂદાયને વીરદાદા જશરાજનું જીવન ચરિત્ર વાંચી સંભળાવ્યું હતું તેથી આપણી યુવા પેઢી વીર દાદા જશરાજની યશગાથાથી પરિચિત બની હતી.

**સંકલન : જયેશ કારિયા**

**ગાંધીનગર** પૂ. શ્રી જલારામ બાપાની પુણ્યતિથી નિમિત્તે તેમની જીવન ઝરમર વિષે નજર કરીએ તો તેઓના માતા રાજબાઈ તેમજ પિતા પ્રધાન ઠક્કર ખૂબ જ ધાર્મિક પ્રકૃતિના હતાં. ધાર્મિક માતા રાજબાઈના કુખે પૂ. જલારામ બાપાનું અવતરણ થયું. સેવા અને ધર્મનો વારસો તો પૂ. શ્રી જલારામ બાપાને શરૂઆતથી જ પ્રાપ્ત થયેલ. સંત ભોજલરામને ગુરુ બનાવ્યા અને વીરપુરમાં સદાવ્રત કાર્યરત કર્યું જે આજે પણ કાર્યરત છે. વીરપુર આવનાર સૌ કોઈને પ્રેમથી પ્રસાદ - જમાડવામાં આવે છે. કારમા દુકાળના સમયમાં પણ પૂ. શ્રી જલારામ બાપાએ લોકોની ખૂબ સેવા કરી હતી. આજના સમયમાં પણ લોકો એમ માને છે કે જો ખરા હૃદયથી શ્રી જલારામ બાપાને પ્રાર્થના કરવામાં આવે તો પૂ. શ્રી જલારામ બાપા લોકોની મનોકામના પૂર્ણ કરે છે.

પૂ. જલારામ બાપાએ અવિરત સેવા કરતા કરતાં પોતાના દેહની સામે જોયું જ ન હતું. રાત-દિવસ સતત અવિરત બસ ભજન અને ભોજન જ તેઓનું લક્ષ્ય હતું. તેઓના આંગણે આવેલ કોઈ પણ ભોજન વગર પરત ન જાય તેનું તે સતત ખ્યાલ રાખતા. તમામની સેવા કરતાં કરતાં પૂ. શ્રી જલારામ બાપાએ સંવત ૧૯૩૭ મહા વદ-૧૦, બુધવારને તા. ૨૩-૦૨-૧૯૮૧ના રોજ પોતાનો દેહત્યાગ કર્યો. પૂ. જલારામ બાપાની આજે ૧૩૭મી પુણ્યતિથી નિમિત્તે વિરપુર સહિત સમગ્ર વિશ્વના અનેક સેવાના કાર્યો કરવામાં આવતા હોય છે. દેશ-વિદેશના પૂ. શ્રી જલારામ બાપાના ભક્તો પૂ. બાપાના ભજન અને ભોજનના સૂત્રને ચરિતાર્થ થાય તેવા કાર્ય પૂ. બાપાની પુણ્યતિથી નિમિત્તે કરતાં હોય છે.

**સંકલન : પાર્થ ઠક્કર**

**ગાંધીનગર** સામાજીક તેમજ ધાર્મિક ક્ષેત્રે કાર્યરત લોહાણા યુવા સંગઠન - ગાંધીનગર દ્વારા આગામી તા. ૧૩-૦૨-૨૦૧૮, મંગળવાર (શિવરાત્રી)ના દિવસે ટાઉનહોલ, સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે સાંજે ૭.૩૦ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમ "મંચ એક રંગ અનેક"નું આયોજન કરવામાં આવેલ છે. આ વિશિષ્ટ સાંસ્કૃતિક કાર્યક્રમ સમાજના લોકોને મંચ આપવાના ઉમદા હેતુ સાથે કરવામાં આવેલ છે. સમાજના બાળકો થી માંડીને યુવા સહિત મોટી ઉંમરના લોકો દ્વારા ગીત, સંગીત, ડાન્સ, નાટક, કરાટે, ગરબા સહિત અનેક કાર્યક્રમો રજૂ કરવામાં આવશે. જેને પ્રોત્સાહિત કરવા લોહાણા સમાજના બંધુઓને સહપરિવાર ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવવામાં આવે છે. આ કાર્યક્રમના કાર્ડ મોકલવામાં આવેલ છે, સંજોગોવસાત કાર્ડ ન મળેલ હોય તો પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને કલાકારોની કલાસાધનામાં સહભગા બનવા નમ્ર વિનંતી છે. આ પ્રસંગે લોહાણા યુવા સંગઠન - ગાંધીનગરના ભૂતપૂર્વ પ્રમુખોની સેવા ભાવાનાને બિરદાવવાનો કાર્યક્રમ પણ રાખવામાં આવેલ છે.

**સંકલન : પાર્થ ઠક્કર**

**કડી** રઘુવંશી સમાજ સેવા ટ્રસ્ટ અને કડી-કલોલ લોહાણા મહાજન આયોજિત ૩૫મા સમૂહલગ્ન કડી ખાતે તા. ૧૮-૨-૨૦૧૮ના રોજ કોટન માર્કેટયાર્ડમાં બહુ જ ધામધૂમથી ઉજવાઈ ગયો. આ સમૂહ લગ્નમાં લોહાણા સમાજના યુગલોએ ભાગ લઈ પ્રભુતામાં પગલા પાડ્યા હતા. રઘુવંશી સમાજ સેવા ટ્રસ્ટના પ્રમુખશ્રી પોપટભાઈ અખાણી, ઉપપ્રમુખશ્રી પ્રવિણભાઈ ઠક્કર (હારીજ), સમગ્ર ઉત્તર ગુજરાતના દેશી લોહાણા મહાજનના પ્રમુખ-ઉપપ્રમુખશ્રીઓ, મહામંત્રીશ્રીઓ તેમજ મહાજનના શ્રેષ્ઠીઓ, કાર્યકરભાઈઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ભાણસાહેબ સમાધિસ્થળ કમીજલાના મહંત શ્રી જાનકીદાસ બાપુ અને રામાયણના પ્રખર કથાકાર પૂ.રમાબેન હરિયાણીજીએ નવદંપત્તિને આશીર્વચન આપ્યા હતા. સમૂહ લગ્નને સફળ બનાવવા માટે કડી-કલોલ લોહાણા મહાજનના યુવા પ્રમુખ શ્રી જીતુભાઈ ઠક્કર તેમજ તેમની સમગ્ર ટીમે ખૂબ જ મહેનત કરીને પુરુષાર્થ કરીને ૩૫મા દેશી લોહાણા મહાજનના સમૂહલગ્નને સફળ બનાવ્યા.

**સંકલન : જીતુભાઈ અખાણી**

**જૂનાગઢ** પ્રભાવ ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરિત રઘુવંશી સખી સહિયર વૃંદ દ્વારા શનિવાર તા. ૨૪-૨-૨૦૧૮ના રોજ ગોપાલ કૃષ્ણ ટ્રસ્ટની વાડીમાં શ્રીમતી ચેતનાબેન મિશ્રાણીના સીધા માર્ગદર્શન નીચે શ્રધ્ધા સુમન તથા હોળી ઉત્સવ મનાવવામાં આવેલ. પ.પૂ.શ્રી વિઠ્ઠલનાથજી લીલામાં વિસરી જવાથી તેમને દરેક બહેનોએ શ્રધ્ધાંજલિ આપી હતી. વિરલ વિભુતિના ચરણોમાં કોટી કોટી વંદન સાથે શોક ઠરાવ પસાર કરવામાં આવેલ. આ કાર્યક્રમ ગુરુવારને બદલે શનિવારે ગોઠવવામાં આવેલ. ૪ થી ૫ સુધી દરેક વૈષ્ણવોએ શ્રધ્ધા સુમન અર્પણ કરેલ.

**સંકલન : ચેતનાબેન મિશ્રાણી**

**રાજકોટ** લોહાણા મહાજન રાજકોટ દ્વારા જ્ઞાતિના અને બીડું ઝડપવામાં આવ્યું હોય તેમ રાહત ભાવે ફી રાખીને જ્ઞાન આપવામાં આવી રહ્યું છે. સંસ્થામાં કોઈ પણ ઉંમરની વ્યક્તિ જોડાઈ શકે છે. ઘણા બધા લોકો એ સંસ્થાનો લાભ લઈ ચૂક્યા છે. કોમ્પ્યુટરના બેઝીક કોર્ષથી લઈને બી.સી.એ.એમ.સી.એ. અને એન્જિનિયરિંગને લગતા બધા કોર્ષ કરાવવામાં આવે છે. આ ઉપરાંત ટેલી એકાઉન્ટીંગ, ફોટોશોપ, કોરલ ડ્રો અને ઈન્ટરનેટ જેવા કોર્ષ પણ કરાવવામાં આવે છે. આ સંસ્થામાં પર્સનાલીટી ડેવલોપમેન્ટના ક્લાસ પણ કરાવાય છે. સત્તર વર્ષથી જ્ઞાન પીરસતી આ સંસ્થામાં આધુનિક કોમ્પ્યુટરની લેબ પણ ઉપલબ્ધ છે. લોહાણા કારકિર્દી વિકાસ કેન્દ્ર કાલાવડ રોડ, કેશરીયા લોહાણા મહાજન વાડી, સંકીર્તન મંદિરની બાજુમાં, એસઓએસ સ્કુલની સામે રાજકોટ ખાતે આવેલ છે. સવારે ૯ થી ૧૨ અને સાંજે ૪.૩૦ થી ૭ સુધીમાં મળી શકાશે. વધુ માહિતી માટે સંસ્થા કાર્યાલય ફોન (૦૨૮૧) ૨૫૮૮૭૭૧ ઉપર સંપર્ક કરવા જણાવ્યું છે.

**સંકલન : મિત્તલ ખેતાણી**

**રાજકોટ**

અમદાવાદ : હા.ઘો.ક. લોહાણા મહાજન દ્વારા તા.૨૮ જાન્યુઆરી, ૨૦૧૮ ના રોજ જીવનસાથી પસંદગી પરિચય મેળાનું આયોજન શ્રી જલારામ સેવા મંડળ, ખમાસા, અમદાવાદના સહયોગથી અત્યંત સફળતાપૂર્વક સંપન્ન થયેલ. ઉપરોક્ત પરિચય પસંદગી મેળો ભારતમાં પહેલી વખત ડિજીટલ અને હાઈટેક મેળો હતો. જેમાં પ્રવચનો અને આશીર્વચનો પ્રિરેકોર્ડેડ હતા જેથી ઉમેદવારોને એબીજાના પરિચય માટે પૂરતો સમય મળ્યો હતો.

સવારે ૧૦.૦૦ કલાકે રજિસ્ટ્રેશન અને અલ્પાહારથી રઘુવંશી ધ્વજવંદન ગીત ગાનથી શરૂ થયેલ આ કાર્યક્રમમાં શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, શ્રી યોગેશભાઈ લાખાણી, શ્રી પરેશભાઈ ભૂપતાણી તથા અન્ય સમાજશ્રેષ્ઠીઓ અને અમદાવાદ સ્થિત વિવિધ સંસ્થાના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં યુવાન દીકરા-દીકરીઓ અને તેમના માતા-પિતાઓએ ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી લગ્નવિષયક સંબંધો માટે એક સુંદર માધ્યમ પૂરું પાડવા બદલ હા.ઘો.ક. લોહાણા મહાજન અને મહાજનવાડી ટ્રસ્ટનો આભાર માન્યો હતો.

**સંકલન : અશોક ગઢિયા**

**કોલકાતા**

રઘુવંશી ફોરમ દ્વારા હોળી ઉપલક્ષે ગત રવિવાર તા. ૨૫-૨-૨૦૧૮ ના રોજ શ્રી કલકત્તા ગુજરાતી સમાજ, ટેરેસ હોલ મધ્યે રંગોત્સવનું આયોજન થયેલ જેમાં આશરે ૨૫૦ થી વધુ સંખ્યામાં સભ્યો તથા તેમના પરિવારજનો હાજર રહેલ. આવનાર દરેકનું સ્વાગત ગુલાલ તથા અન્ય રંગોના તિલક કરી, હોળીના સ્ટીકર સાથે હોળીની શુભકામનાઓ સાથે કરાયું અને જોતજોતામાં સમગ્ર વાતાવરણ રંગીન બની ઊઠ્યું હતું. સમગ્ર હોલને કચ્છની સુંદર રંગબિરંગી છત્રીઓ અને નકશીદાર ચાકડાઓ અને રંગબિરંગી બલૂન્સથી સજાવવામાં આવ્યો હતો.

આશરે ૭.૦૦ વાગ્યે કાર્યક્રમની શરૂઆત કરતાં રઘુવંશી ફોરમના પ્રમુખ શ્રી કિશોરભાઈ દત્તાણીએ સહુનું ભાવભર્યું સ્વાગત કર્યું અને શ્રી જીતેનભાઈ કલવાનીને મંચ પર આમંત્રિત કરી ફોરમના ઉપપ્રમુખ શ્રી દિપકભાઈ કોટેચાએ તેમને રંગીન પાઘડી પહેરાવી તેમનું બહુમાન કર્યું હતું. કાર્યક્રમમાં શ્રી કલકત્તા ગુજરાતી સમાજના પ્રમુખ અને રઘુવંશી ફોરમના સ્થાપક શ્રી રવિન્દ્રભાઈ વાઘાણી, રઘુવંશી ફોરમના અન્ય સ્થાપકો શ્રી હીરાલાલભાઈ રાજા, શ્રી રાજેશભાઈ સરૈયા અને શ્રી પુરુષોત્તમભાઈ પારેખ સહિત સર્વે સમિતિ સભ્યો તેમજ કાર્યકર્તાઓ હાજર રહેલ અને તે સર્વેનું બહુમાન હોળીને અનુલક્ષી રંગીન પાઘડીઓ પહેરાવી કરવામાં આવ્યું હતું. શ્રીમતી સારીકાબેન સરૈયાએ રઘુવંશી મહિલા ફોરમનું મંતવ્ય રજૂ કર્યું હતું અને સહસંચાલક તરીકેની ભૂમિકા નિભાવી હતી. ફોરમ દ્વારા યોજાયેલ આ રંગારંગ કાર્યક્રમ તથા આ આયોજનને સફલ રીતે સાકાર કરવા બદલ સમિતિ સભ્યો તથા દરેક કાર્યકર્તાનો આભાર વ્યક્ત કર્યો તેમજ સભ્યોને નિયમિત અને શક્યરૂપે ફોરમના કાર્યક્રમોમાં ભાગ લેવા પ્રોત્સાહિત કર્યા. રઘુવંશી ફોરમ યુથ વિંગના પ્રમુખ શ્રી અમિતભાઈ પોપટ પોતાનું મંતવ્ય રજૂ કરતા હાજર સર્વે સભ્યોને પોતાના પરિવારના યુવા તથા યુવતીઓને સભ્યપદ મેળવવા અને કાર્યક્રમમાં વધુ ને વધુ સંખ્યામાં જોડાવા માટે અનુરોધ કર્યો હતો.

લગભગ ૯.૩૦ વાગે હિનાબેન જસાણી, ઈન્દીરાબેન રાજપરા, લીનાબેન રાજપરા, ભારતીબેન જસાણી અને રૂપલબેન ગણાત્રા દ્વારા હોળીના રસિયા ગવાયા હતા. જેનો સહુએ આનંદ માણ્યો હતો અને સમિતિના સભ્યો કવિતાબેન મુખી, ચાંદનીબેન ગણાત્રા, દિસીબેન ગઢિયા, લીનાબેન નથવાણી, ભાવનાબેન માણેક, મનીષાબેન કોટેચા સહિત અનેક ભાવવિભોર થઈ ઝૂમી ઊઠ્યા. કાર્યક્રમ દરમ્યાન ઠંડાઈથી શરૂ કરી વિવિધ સ્વાદિષ્ટ વાનગીઓ અને ચાટચપાટીનો ચટકારો સ્વાદ માણ્યો હતો જે માટે શ્રી નીતીનભાઈ નાગ્રેચાએ પૂરી વ્યવસ્થા સાંભળવાની જહેમત ઉઠાવી હતી અને તે બદલ તેમનો આભાર મનાયો હતો. આશરે ૧૦.૦૦ વાગ્યે રાત્રે સહુ આનંદથી છૂટા પડ્યા હતા. **સંકલન : કિશોરભાઈ દત્તાણી**

**જૂનાગઢ**

શ્રી લોહાણા મહાજન જૂનાગઢ દ્વારા ૩૮મો સમૂહ લગ્ન / યજ્ઞોપવિત કાર્યક્રમ તા. ૪ માર્ચ, ૨૦૧૮ ને રવિવારના રોજ શ્રી લોહાણા મહાજન વાડી, ગીરનાર રોડ, જૂનાગઢ ખાતે અત્યંત સફળતાપૂર્વક યોજાયો. આ કાર્યક્રમને સફળ બનાવવા પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ મશરૂના માર્ગદર્શન હેઠળ મંત્રી શ્રી નંદલાલ ચોલેરા, દિપકભાઈ રૂપારેલીયા, પંકજભાઈ પલાણ, નિતિનભાઈ તન્ના, ભુપેનભાઈ મુલીયા, ભરતભાઈ રાયચુરા, હરેશભાઈ સેજપાલ તથા સમગ્ર ટીમે વિશેષ જહેમત ઉઠાવી હતી.

**સંકલન : નંદલાલ ચોલેરા**

**પોરબંદર**

શ્રી વી.એમ. કોટેચા ચેરીટેબલ ટ્રસ્ટ, પોરબંદર દ્વારા તા.૪ માર્ચ, ૨૦૧૮ ને રવિવારના રોજ સર્વજ્ઞાતિય સમૂહ સમૂહલગ્નોત્સવ શ્રી મોહનભાઈ કોટેચા વાડી ખાતે અત્યંત સફળતાપૂર્વક સંપન્ન થયો. આ સમારોહમાં પ.પૂ.પા.ગો.૧૦૮ શ્રી જયવલ્લભલાલજી મહોદયશ્રી તથા પૂ.ભાનુપ્રકાશદાસ સ્વામીજીના આશીર્વચન પ્રાપ્ત થયા હતા. ટ્રસ્ટના નિમંત્રક વિજયાબેન એમ. કોટેચા તથા અન્ય ટ્રસ્ટશ્રીઓ અને સમગ્ર ટીમે સુંદર જહેમત ઉઠાવી હતી.

સંકલન : પિયુષ મજીઠીયા

**નાગપુર**

શ્રી લોહાણા મહાજન, નાગપુર દ્વારા નાગપુર સ્થિત લાંબા સેલિબ્રેશનના સુસજ્જ વાતાનુકુલિત સભાગૃહમાં સફળ આયોજન કરવામાં આવેલ. પરિચય થી પરિણય કાર્યક્રમમાં જ્ઞાતિના લગભગ ૨૨૫ યુવક યુવતીએ ભાગ લીધેલ. પૂર્વ સંધ્યા તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૧૮ ઉપસ્થિત યુવક યુવતીઓ માટે સંગીત સંધ્યા અને રાસગરબાનું આયોજન કરવામાં આવેલ. ૨૭-૧-૨૦૧૮ના પરિચય સંમેલનનું આયોજન કરાયું આ પ્રસંગે શ્રી લોહાણા મહાપરિષદના વિભાગીય પ્રભારી શ્રી ભરતભાઈ દનાણી (મુંબઈ) વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા સાથે રાયપુર લોહાણા મહાજનના પૂર્વ પ્રમુખ શ્રી કિશનભાઈ મિરાણી અને શ્રી લોહાણા મહાપરિષદના વિભાગીય ઉપપ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ દાવડા, અખિલ વિદર્ભ લોહાણા મહાજનના શ્રી જગદીશભાઈ માનસાતા (નરસીંગપુર) અતિથિ વિશેષ રૂપે ઉપસ્થિત હતા. દીપ પ્રાગટ્ય સાથે સંમેલનની શરૂઆત કરેલ. શ્રી લોહાણા મહાજન નાગપુરના પ્રમુખ શ્રી નિલેશભાઈ ગઢિયાએ સ્વાગત પ્રવચન કરી સૌને આવકારેલ. આ કાર્યક્રમના સંયોજક શ્રી નલિનભાઈ કાનાબારે પરિચયથી પરિણય જ્ઞાતિહિતમાં કેટલું જરૂરી છે તે બાબત કહેલ. વિભાગીય પ્રભારી શ્રી ભરતભાઈ દાનાણીએ મહાજન અને મહાપરિષદ વચ્ચેનો સમન્વય અને મહાજનોના કાર્યો વિષે જાણકારી આપેલ. વિભાગીય ઉપપ્રમુખ શ્રી નરેન્દ્ર દાવડાએ મહાપરિષદની તમામ પ્રવૃત્તિઓ બાબત જાણકારી આપેલ અને ભવિષ્યમાં વર્ષમાં એકવાર તો પુરા વિભાગના તમામ મહાજનો દ્વારા મળીને સંયુક્ત એક ભવ્ય પરિચય સંમેલનનું આયોજન કરવું જોઈએ એવી વિભાગના મહાજનોને અપીલ કરી. આ પ્રસંગે શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુક શ્રી પ્રવિણભાઈ કોટકના શુભ સંદેશ પ્રાપ્તથયેલ. આ પ્રસંગને દીપાવવા શ્રી લોહાણા મહાજનના શ્રી અજયભાઈ ખખ્ખર, શ્રી નિલેશભાઈ વસાણી, શ્રી વસંતભાઈ પોપટ, શ્રી સતિશભાઈ તન્નાએ અથાક પ્રયાસ કર્યા. સંમેલનમાં બધા પૂર્વ પ્રમુખોની ઉપસ્થિતિ હતી. શ્રી લોહાણા મહાપરિષદના વિભાગીય મંત્રી શ્રી કમલેશભાઈ વસાણી, વિભાગીય જનસંપર્ક અધિકારી શ્રી ચંદ્રકાંત પોપટ, પર્યાવરણ સમિતિના શ્રી સુરેશભાઈ વસાણી ઉપસ્થિત હતા. શ્રી ભરતભાઈ નાગ્રેચાએ કાર્યક્રમનું સંચાલન કરેલ. આભાર પ્રદર્શન મહાજનના મંત્રી શ્રી રાહુલભાઈ ખખ્ખરે કરેલ.

સંકલન : નરેન્દ્રભાઈ દાવડા

**નાગપુર**

શ્રી લોહાણા મહાજન નાગપુર દ્વારા સામૂહિક યજ્ઞોપવિત અને પરિણય સંમેલનનું આયોજન તા. ૨૪-૪-૨૦૧૮ના રોજ લાંબા સેલિબ્રેશન બેન્કવેટ હોલ, કામઠી રોડ, નાગપુર ખાતે પ્રથમવાર યોજવામાં આવનાર છે. પ્રોગ્રામના મુખ્ય સંયોજક શ્રી દામોદરદાસ લાખાણી છે. આ પ્રોગ્રામ તા.૨૪/૨૫ એપ્રિલ, ૨૦૧૮ એમ બે દિવસનો રહેશે. જે પ્રમુખશ્રી નિલેશભાઈ ગઢિયા તથા માનદમંત્રી શ્રી રાહુલભાઈ ખખ્ખર વિશેષ જહેમત ઉઠાવી રહ્યા છે. વધુ માહિતી માટે નરેન્દ્રભાઈ દાવડા (મો. ૯૩૭૩૧૦૨૫૩૩)નો સંપર્ક કરવો.

**રાધનપુર**

શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન દ્વારા તા. ૧૮ ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ ખોડલધામ, વરાણા (ઉત્તર ગુજરાત) ખાતે સમૂહ લગ્નોત્સવનો ભવ્યાતિભવ્ય આયોજન થયું. જેમાં પૂજ્ય જાનકીદાસ બાપુ અને ગુજરાત તેમજ દેશમાંથી જ્ઞાતિ સમાજના શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહ્યા હતા. દાંડિયા-રાસ વરઘોડો અને સમૂહ લગ્નોત્સવનું આયોજન પ્રમુખશ્રી ધીરૂભાઈ ગણ્ડા, કન્વીરનરશ્રીઓ તથા દાતાશ્રીઓના સુંદર સહકારથી સુંદર રીતે સંપૂર્ણ થયો હતો.

સંકલન : નવીનભાઈ પોપટ

**રાજકોટ**

શ્રી લોહાણા યુવક પ્રગતિ મંડળ રાજકોટ દ્વારા ૫૧મા સમૂહ લગ્ન - યજ્ઞોપવિત સમારોહ અને રક્તદાન શિબિરનું આયોજન તા. ૪-૩-૨૦૧૮ ના રોજ ભવ્યાતિભવ્ય રીતે થયું.આ કાર્યક્રમને સફળ બનાવવા પ્રમુખ શ્રી યોગેશભાઈ જસાણી તથા સમગ્ર ટીમે ભારે જહેમત ઉઠાવી હતી. આ સમગ્ર કાર્યક્રમના મુખ્ય દાતા શ્રી રાજદેવ પરિવાર તથા શ્રી રાજકોટ લોહાણા મહાજન તથા શ્રી લોહાણા મહાપરિષદના સર્વે હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા.

સંકલન : અશોક હિંડોચા



# શ્રી લોહાણા મહાપરિષદ



## રઘુવંશી ચેરીટેબલ ટ્રસ્ટ / ભાગવત વિદ્યાપીઠ સોલા સંચાલિત

## શ્રી ખીમજી ભગવાનદાસ આર.સી.ટી. ભાગવત અતિથિ ભવન

અમદાવાદ ખાતે ભાગવત વિદ્યાપીઠ સંકુલમાં નવીનીકરણ પામી રહેલ અતિથિ નિકેતનમાં શ્રી ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ, મુંબઈ તથા અન્ય દાતાશ્રેષ્ઠીશ્રીઓના સાથ સહકારથી આ કાર્ય આગળ વધી રહ્યું છે પ્રાથમિક તબક્કામાં લોકાર્પણ પામેલ એક વિંગના ૨૦ જેટલા રૂમો ખૂલ્લા મુકાયેલ છે. આ રૂમોના ઉપયોગ માટે સંચાલન સમિતિની બેઠકમાં સુનિશ્ચિત કરાયેલ દરોએ રૂમોની તેમજ અન્ય વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.



## ૨૦ રૂમો, યોગ્ય સગવડો સાથે રોકાણ માટે ઉપલબ્ધ

### રૂમ ચાર્જ : ૯૫૦/-

**સારવાર અર્થે અમદાવાદ આવતા જરૂરિયાતમંદ પરિવારો માટે વિનામૂલ્યે રોકાવાની સુવિધા ઉપલબ્ધ.**
**સ્થાનિક મહાજનશ્રીનો ભલામણપત્ર અનિવાર્ય છે.**

વધુ માહિતી માટે સંપર્ક સૂત્ર : શ્રી મધુકર મજીઠીયા, મો. ૯૯૭૯૮૫૬૭૦૦

**RNI NO. : GUJ/GUJ/2011/44815**

'Registered under Postal Registration No. AHD-C/11/2016-2018 valid upto 31st December-2018 issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month'

Date of Publication : 5th March, 2018




**If Undelivered return to:**

**President, Printer and Publisher :** Pravin Kotak, **Editor :** Chandrakant Tanna

**Place of Publication : Shree Lohana Mahaparishad,** Iscon Mega Mall - Basement, Near Iscon Temple, S G Highway, Ahmedabad - 380054 (Ph.) 079-40091005

**Printing Press :** Print Vision Pvt. Ltd., Print Vision House, Lane, Opp. Central Bank of India, Ambawadi, Ahmedabad - 380 006 (Gujarat)